હીંદુસ્તાનનો મુદ્દત બાબતનો આકટ.

સન ૧૮૭૭નો આકટ ૧૫ મો.

ટીકા સહીત

બનાવનાર

એક વિદ્વાન વકીલ.

પ્રસીદ્ધ કરનાર

બુકસેલર. મગનલાલ વ્રજભુખણદાસ.



અમદાવાદ.

"ગુજરાત ગેઝેટ પ્રેસ"માં

પટેલ. છગનલાલ ગીરધરલાલે છાપ્યો.

ઠેકાણું માણેકચોક આગળ સાંકડીશેરીમાં પરીખ.

નથુરામ શાયકરણના ડેલામાં.

સંવત ૧૯૪૩ સને ૧૮૮૭

આ કાયદો રીચીગેડ ઉપર પ્રસીદ્ધ કરનારની દુકાનેથી રોકડી કીમતે મળશે.

સન ૧૮૭૭ નો આકટ ૧૫ મો.

ઇંડિયાના ગવરનર જનરલ ઇનકાંઉસિલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૭ ના જુલાઇ મહીનાની ૧૯ મી તારીખે. મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારુ પ્રસિદ્ધ કર્યોછે.

ફરીયાદી કરવાની મુદત ઠરાવવા બાબતનો તથા બીજા કારણો બાબતનો આકટ.

ઉદ્દેશ. ફરીયાદ કરવાની તથા કોરટને અપીલ કરવાની તથા કેટલીએક અરજીઓ કરવાની મુદત બાબત કાયદો છે તે સુધારવો યોગ્યછે વાસ્તે અને કબજા ઉપરથી ઈઝમેટનુ તથા બીજી માલ મીલકતનુ ધણીપણુ સપાદીન થવા બાબતની કાનુક ઠરાવવો યોગ્યછે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે.

ટીકા:—મુદતના કાયદાનાહેતુ અને નીતી બાબતમાં જસ્ટીસ સ્ટોરી પોતાનાં કરેલાં "કોન્ફલીકટ ઓફ્લોઝ" નામના પુસ્તકમાં લખેછે, કે આ કાયદા વીરામના કાયદાછે, હકની બામાતમાં નીશ્ચિત કરવા સારૂ તથા કપટ અટકાવવા સારૂ અગર કોઇ પણ કૃત્યમાં તેના પ્રાચીનપણાને લીધે એના અનીશ્ચિતના અથવા દ્વીઅર્થ પણ થાય અગર અર્થ સ્પષ્ટ પણે ન સમજાય તેથી પુરાવાની જે ખામીઓ હોય તે પુરી કરવાને માટે છે તેઓનુ મુખ્ય ધોરણ એછે કે જ્યારે અમુક મુદતમાં યોગ્ય કોરટમાં કોઇ પણ હક વીશે તકરાર ઠરાવવામાં ન આવતા તે બંધ પડયા છે અથવા બંધ પડયા જેવા ગણવા જોઇએ. ફરીયાદના ખરે ખરા મજબુત કારણો તેથી દુર થાયછે, કારણ કે આવા કાયદાનો આધાર પક્ષકારની પોતાની ગફલત અથવા બે કાળજીપણા ઉપર રહેલો છે તે ઉદ્યોગને જાગ્રત કરે છે કેમકે ઉદ્યોગને તે કેટલીક રીતે હકની બરોબર ઠરાવી આપે છે.

ગતી સમયના બધા સંગ્રહ જેને વીશે સમજુત થઇ નથી અગર જે કાળની ગતીથી સમજાવી શકાય એવા રહ્યા નથી તે બધા સંગ્રહને એક સામાન્ય પાત્રમાં પુરીને કજીઆ ટંટાને બંધ પાડે છે.

ટીકા- વીઠલ જનારધન વીરૂધ વીરોજીરાવ ઈંડીયન લૉ રીપોર્ટસ ૬ મુંબાઇ ૫૮૬ ના કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે મુદતના કાયદાના ઠરાવો જે કામ કરવાની કોરટને ના પાડવાની સત્તા હોય નહીં તે કામ કરાવવાની અરજીઓને લાગુ પડતા નથી; તેમજ તે ઠરાવો અધીકારવાળી જાતનાં કામો કરાવવાની અરજીઓને લાગુ પડતા નથી તેમજ કર્લીસ વીરુધ રામસામી, ઇંડીયન લૉ રીપોટરસ ૪ મદ્રાસ પા. ૧૭૨ નો ફેસલો જુઓ.

મુદતના કાયદાને લગતા પોતે કરેલાં ભાષણમા લોર્ડ પ્લંકેટ કહેછે કે કાળ હકના પુરાવાનો નાશ કરેછે તથાપી જેનો કાળે નાશ કર્યો હોય તેને બદલે લાંબી મુદતનો કબજો બસ ગણાશે. એવુ કાયદાએ ડહાપણથી અને દયાથી ઠરાવ્યુ છે. આપણા હકની સાબીતીઓનો નાશ કરવા કાળ પોતાના એક હાથમાં દાતરડું લેઇ આવેછે પણ કાયદા કરનારે તેના બીજા હાથમાં કાળ માપક શીશી આપેલી છે. અને તેમાંથી તે જેના પોતે નાશ કર્યાછે તેની જરૂર ન પડે તેવા તેને સારૂ કાળ વીભાગ તે સંતત આપ્યા કરેછે.

કાયદેસર ઇલાજ લેનોના જે હક છે તે મુદતના કાયદાથી નીયમીત થાયછે માટે જ્યાં

જ્યાં તેવા કાયદાની ભાષા સ્પષ્ટ ન હોય ત્યાં તેનું અર્થગ્રહણ એવી રીતે કરવું કે કામ ચલાવવાનો હક કાયમ રહે. ઈ. લો. રી. ૧ મુંબાઈ ૧૯ નો ઉમીયાશંકર વીરુદ્ધ છોટાલાલ નો ફેસલો જુઓ.

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો.

ન્હાનું મથાળું

૧. આ આકટને "સને ૧૮૭૭ નો હિંદુસ્થાનનો મુદત બાબત નો આક્ટ" કહેવો.

આ આકટ ક્યાં ક્યાંહાં લાગુછે

આ આકટ આખા બ્રીટીશઈંડીયાને લાગુછે પણ બીજી તથા ત્રીજી કલમનો અથવા બીજા અને ત્રીજા ભાગનો કોઈ ઠરાવ હેઠળ લખેલી ફરીયાદોને લાગુ નથી. એટલે:---

(અ] હીંદુસ્થાનના તલાય બાબતના આકટ પ્રમાણે કરેલી ફરીયાદને; અથવા

(બ] સન ૧૮૩૧ ના મદ્રાસના ૬ ઠા કાયદા પ્રમાણે કરેલી ફરીયાદને લાગુ નથી.

શરૂ થવું.

આ આકટ સને ૧૮૭૭ ના અકટોબર મહીનાની પેહેલી તારીખે અમલમાં આવશે.

ટીકા—કાયદાઓ ભાવી કૃત્યોને લાગુ પડવાના છે અને પાછળ થઈ ગયેલા કૃત્યે તે તથા જે ચાલતાં હોય તેવાં કૃત્યોને સ્પષ્ટ રીતે તે કાયદાઓ લાગુ ન કર્યા હોયતો તેમની અસર ભુત કૃત્યોને લાગેછે એમ ગણવું જોઇએ નહી. બ્રુમ્સ લીગલ માકસીમ્સ.

આકટ રદ કરવા બાબત. એમ સમજવું.

૨. આ આકટ જોડેલા પેહેલાં પરીશીષ્ટમાં આકટ લખ્યા છે તે તેજ પરીશીષ્ટમાં કહ્યુંછે તેટલે સુધી સદરહૂ તારીખે તથા તે તારીખથી રદ છે.

સન ૧૮૭૧ ના ૯ મા આકટ ઉપરના હવાલા.

પણ સન ૧૮૭૧ના હીંદુસ્થાનના મુદત બાબતના આકટ ઉપર આપેલા હવાલા આ આકટ ઉપર આપ્યા તે પ્રમાણે તે સઘળા વાંચવા અને આ આકટ અથવા તે આકટનો કોઇ ઠરાવ ઉપર હેઠળ લખ્યા માણે થાયછે એમ સમજવું નહી એટલે તે આકટ પ્રમાણે અથવા તે

હક સંપાદન થચુક્યા હોય તે કાયમ રાખવા.

અથવા ઉપરથી રદ થયેલા કોઈ પ્રમાણે કાંઈ હકક સંપાદન કરયો હોય તે હકકને બાધ આપે છે અથવા ફરીયાદ કરવાનો કાંઈ હક બંધ થયો હોય તે હક પાછો સંસ્થાપીત થાયછે એમ સમજવું નહી. અને આ

સન ૧૮૭૨ ના ૯ મા આકટની ૨૫ કલમ કાયમ રાખવી.

કટના કોઇ ઠરાવ ઉપરથી હીંદુસ્થાનના કરાર બાબતના આકટની ૨૫ મી કલમને બાધ આવે છે એમ સમજવું નહી.

જે ફરીયાદ સાર આ આકટમાં કહેલી મુદત સન ૧૮૭૧ ના ૯મા આકટ માં કહેલી મુદતના કર

આ આકટમાં ગમે તે ઠરાવ હોય તોપણ, આ આકટને જોડેલા બીજા પરીશીષ્ટના ૧૪૬ માં નંબર હેઠળ કહેલી કોઇ ફરીયાદ હેઠળ લખ્યા પ્રમાણે હકીકત ન હોયતો સન ૧૮૭૭ ના અકટોબર મહીનાની સદરહુ પેહેલી તારીખથી આગલા પાંચ વરસમાં કરવાનો અધીકાર છે એટલે સદરહુ પ્રકારની ફરીયાદી સારૂ સદરહુ સન ૧૮૭૧ ના હીંદુસ્થાનના મુદત બાબતના આકટમાં મુકેલી મુદત સદરહુ પાંચ વરસ પુ-

તાં ઓછી હોય તે ફરીયાદ. રાં થયાની અગાઉ પુરી નહી થઈ હોયતો પાંચ વરસમાં કરવાનો અધીકાર છે. અને જે બીજી કોઇ ફરીયાદ બદલ આ આકટમાં કહેલી મુદત, સન ૧૮૭૧ ના હીંદુસ્થાનનાં મુદત બાબતના આકટમાં કહેલી મુદતના કરતાં ઓછી હોય તે બીજી ફરીયાદ હેઠળ લખ્યા પ્રમાણે હકીકત ન હોયતો સન ૧૮૭૭ ના અકટોંબર મહીનાની સદરહુ પેહેલી તારીખથી બે વરસમાં કરવાનો અધીકાર છે. એટલે સદરહુ પ્રકારની ફરીયાદ બદલ, સદરહુ આકટમાં કહેલી મુદત સદરહુ બે વરસ પુરાં થયાની અગાઉ પુરી નહી થઈ હોય તો બે વરસમાં કરવાનો અધીકાર છે.

ટીકા:—રદ થયેલો કાયદો અથવા સ્ટાટયુટ અમલમાં હતાં તે વખતમાં જે હક પ્રાપ્ત થયા હોય તે હકો, રદ કરનાર આકટમાં એવા સ્પષ્ટ શબ્દો ન હોય અગર એ મતલબનો ચોખ્ખો ભાવાર્થ નીકળતો ન હોય તો. તે સ્ટટાયુટ અથવા કાયદો રદ થવાથી જતા નથી. અને તેથી કરીને સન ૧૮૭૧ ના ૯ મા આકટના પેહેલા પરીશીસ્ટની કલમ ૨ થી સન ૧૮૨૭ નો ૫ મો રેગ્યુલેશન સ્પષ્ટ રીતે રદ કરવામાં આવ્યો તોપણ સન ૧૮૭૧નો ૯મો આકટ અમલમાં આવતા પેહેલાં તે રેગ્યુલેશનની ૧લી કલમ પ્રમાણે જે પ્રીસ્કીપ્ટીવ હકપ્રાપ્ત થયો હોય તેને અસરથતી નથી. ઇ. લો. રી. ૧ મુંબાઇ ૨૮૯.

સને ૧૮૭૧ નો ૯ મો આકટ જ્યારે અમલમાં હતો તે વખતે બાકી કાઢી આપેલા હીસાબ ઉપર દાવો કરવાનો જે હક હતો તે તે કાયદાની રૂએ હક મળેલો હતો એમ સમજવું નહીં. તેને માટે થાકરાયા વીરૂધ શેવસીંગ ઇંડીયન લો રીપોર્ટસ ૨ અલહાબાદ પા. ૮૭૨ અને સુલફીકાર વીરૂધ મુન્ના, ઇંડીયન લો રીપોર્ટસ ૩ અલાહાબાદ ફુલબેંચનો પા. ૧૪૮ ના ફેસલાઓ જુઓ. દાવો કરવાનો હક એ શબ્દોમાં કાંઇ પણ માગણી હોય તે પરીપુર્ણ કરવાને માટે કોરટની સાહ્ય માગવાની અરજીનો પણ સમાસ થાયછે. તેને માટે નરસીંગ વીરૂધ હરીહર, ઇંડીયન લો રીપોર્ટસ ૫ કલકત્તા ૮૯૭ તથા શંભુનાથ વીરૂધ ગુરૂચરણ, ઇંડીયન લો રીપોટસ ૫ કલકત્તા ૮૯૪ નો ફેસલો જુઓ.

અર્થની કલમ. ૩. આ આકટમાં વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો—

"વાદી" આ શબ્દમાં જે કોઈ માણસની તરફથી અથવા જે જે કોઇ માણસની મારફતે ફરીયાદ કરવાનો પોતાનો હક વાદીને પ્રાપ્ત થાય છે તે માણસનો પણ સમાસ થાય છે, અને "અરજદાર" આ શબ્દમાં જે કોઈ માણસની તરફથી અથવા જે કોઈ માણસની મારફતે અરજી કરવાનો પોતાનો હક અરજદારને પ્રાપ્ત થાય છે તે માણસનો પણ સમાસ થાય છે. અને "પ્રતીવાદી" આ શબ્દમાં જે કોઈ માણસની તરફથી અથવા જે કોઇ માણસની મારફતે પોતે પોતાની ઉપર ફરીયાદ થવાની પાત્રતા પ્રતીવાદીને પ્રાપ્ત થાય છે તે માણસનો પણ સમાસ થાય છે.

"ઇઝમેંટ" આ શબ્દમાં હેઠળ લખેલા હકનો પણ સમાસ થાય છે એટલે કરાર ઉપરથી ઉત્પન ન થનાર એવા જે હક ઉપરથી, બીજાની જમીનનો અથવા બીજાની જમીનમાં ઉગનારા અથવા તેને ચોટેલા અથવા તેની ઉપર રહેનારા કોઈ પદાર્થનો કાંઇ ભાગ ખુદ પોતાના ફાયદા સારૂ લઇ જવાનો અથવા પોતાના કામમાં લગાડવાનો અધીકાર કોઈ માણસને પ્રાપ્ત થાય તે હકનો પણ સમાસ "ઇઝમેંટ" આ શબ્દમાં થાય છે.

"*બીલ આફ એકસચેંજ" આ શબ્દોમાં હુંડીનો તથા ચેકનો પણ સમાસ થાયછે.

---

* બીલ આફ એકસચેંજ એટલે જે હુંડીની બે અથવા ત્રણ નકલો મળીને એક સેટ થાય છે તે હુંડી.

“બાંડ”† (ખત) આ શબ્દમાં હેઠળ લખેલા દસ્તાવેજનો સમાસ થાય છે એટલે ફ-લાણું એક વીશેષ કૃત્ય કર્યું હોય તો અથવા ન કર્યું હોય તો (પ્રસંગ પ્રમાણે જેમ હોય તેમ) અવસ્યકતા રદ થશે એવી શરતે કોઇ માણસ બીજા માણસને જે દસ્તાવેજ ઉપ-રથી નાણું આપવાની પોતાને જરૂર પાડે છે તે દસ્તાવેજનો સમાસ થાય છે.

“વાયદા ચીઠી આ શબ્દનો અર્થ જે કોઈ દસ્તાવેજ ઉપરથી તે દસ્તાવેજ કરી આપનાર પૈસાની નીરદીષ્ટ કરેલી રકમ તે દસ્તાવેજમાં ઠરાવેલી વખતે અથવા માગે ત્યારે અથવા તે દસ્તાવેજ દેખાડે એટલે આપવાનું ખાસ કબુલ કરેછે તે દસ્તાવેજ એમ સમજવું.

“ટ્રસ્ટી” (એટલે જુમેદાર) આ શબ્દમાં બીનામીદાર અથવા જે ગીરવી રાખનારનો કબજો ગીરવીનું નાણું આપ્યા પછી પણ રહયો હોય તે ધરેણે રાખનાર અથવા જે અપકૃતિ કરનારનો હક નહી હોય ને કબજો હોય તે અપકૃતિ કરનારનો સમાસ થતો નથી.

“ફરીયાદ” આ શબ્દમાં અપીલનો અથવાઁ અરજીનો સમાસ થતો નથી.

ટીકા—“ફરીયાદ” આ શબ્દમાં અરજીનો સમાસ થતો નથી તેને માટે મુંબાઇની હાઈકોરટે કરેલો ફેસલો કલ્યાણભાઇ વીરૂધ ગનશામલાલનો કેસ જરૂરનો છે. ઈંડીયન લૉ રીપોર્ટશ ૫ મુંબાઇ પા. ૨૯ તે કેસમાં નીચે પ્રમાણે હકીકતો હતી. એક મ. ક. નામના શખશની પેઢી ઉપર ગ ના બાપે હુકમનામું કરાવ્યું. તેણે હુકમનામું બજાવવાને દરખાશ કરી પણ વેચાણ થયું નહોતું તે દરમ્યાનમાં એક પ નામનો સખશ હુકમનામાવાળા ઉપ-ર, એક કરારની રૂએ તે મીલકતનું વેચાણ અટકાવવાને, “ઈનજકશન” લાવ્યો પણ જે વખતે પ એ “ઇનજકશન” મેળવ્યું કે થોડા વખત પછી તરતજ હુકમનામાવાળો ગુજ-રી ગયો. પ ની ફરીયાદ કાઢી નાખવામાં આવી હતી અને ઈનજકશન રદ કરવામાં આ-વ્યું હતું. પછી તે હુકમનામાવાળાના પ્રતીનીધી ગ એ ઈનજકશન રદ કરવામાં આવ્યું કે તરતજ પોતાનું નામ દાખલ કરવાને અરજી કરી. તેમાં એવી તકરાર ઉઠાવવામાં આવી હતી કે ગ ની ફરીયાદ મુદતથી અટકી હતી કેમકે તેજના (એટલે ગ ના બાપના) મોત થયા કેડે ત્રણ વરસ કેડે કરવામાં આવી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે તે અ-રજી મુદતની અંદર કરી હતી કેમકે જે વખતે તેને હક મળ્યો એટલે કે ઈનજકશન રદ કરવામાં આવ્યું ત્યારથી, એટલે તે તારીખથી ત્રણ વરસની અંદર અરજી કરવામાં આ-વી હતી. આ બાબત મુદતના આકટનો ૧૭૮ મો આરટીકલ જોવો.

“નોંધેલો” આ શબ્દનો અર્થ અવલા દસ્તાવેજ જે વખતે અને જે જગાએ કરી આપ્યો એવું દસ્તાવેજમાં લખ્યું હોય અથવા હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર જે વ-ખતે તથા જે જગાએ સહી થઇ એવું તેમાં લખ્યું હોય તે વખતે તે જગાએ દસ્તાવે-જ નોંધવા બાબત જે કાયદો અમલમાં હોય તે કાયદા પ્રમાણે બ્રિટિશ ઇંડીયામાં યોગ્ય રીતે નોંધેલો એવો સમજવો.

“પારકો મુલક” આ શબ્દનો અરથ બ્રિટિસ ઈંડીયા શીવાય બીજો કોઈ મુલક એ-વો સમજવો.

દ્રષ્ટાંતો.

[અ.] કહેલી મુદત વિતી ગયા પછી ફરિયાદ કરી છે. મુદત વીતી એવો જવાબ આપ્યો નથી અને વાદીની તરફનું હુકમનામું થયું છે. પ્રતિવાદી અપીલ કરે છે. અપી

---

† બાંડ એટલે દેણું કબુલ કરીને તથા તેની રકમ દાખલ કરીને તથા આપવાની મુદત ઠરાવીને શીક્કા સાથે અથવા સહી શીક્કા સાથે ખત લખી આપે છે તે ખત.

કોરટે તે ફરિયાદ કાહાડી નાંખવી જોઈએ.

[બ.] કહેલી મુદત વિતી ગયા પછી કરેલી અપીલ મંજુર કરી છે તથા નોંધી છે, તો પણ તે અપીલ કાહાડી નાખવી.

ટીકા.—કાયદાની મુદતની હદ જે દાવાઓને માટે ઠરાવવામાં આવી છે તેને કબુલતની તકરાર લાગુ પડી શકે, પણ કોઇપણ હક અમલમાં લાવતાં વિલંબ થયો તેથી કબુલત થતી નથી. ઇ. લો- રી. ૧ અલ્હાબાદ ૮૨.

આ કલમ પ્રમાણે મુદતની હરકત છે એવો બચાવ કરવામાં ન આવ્યો હોય તોપંણુ દાવો મુદતની બહાર છે કે નહિ એ જોવાની ફરજ કોરટને માથે છે.

તેમજ ૨. રી. ૧૬૮ જુઓ.

દાવાનું કારણ ન હોય ત્યાં ઝુધી મુદતનો કાયદો લાગુ પડી શકતો નથી. ૧૨ બી. રી. ૧૬૮.

કોઈ પણ ફરીયાદ અરજી ઉપર બરોબર સ્ટાંપ ચહોડયો હોય નહીં અને તે મુદતની અંદર અને યોગ્ય રીતે સંભાળીને અને ધ્યાન રાખીને જે કાંઈ કરયું નહી હોય તે "શુદ્ધબુદ્ધીથી કરયું છે એવું સમજવું નહી.

ભાગ ૨ જો.

ફરિયાદો તથા અપીલો અને અરજીઓ કરવાની મુદત.

મુદત વીતી ગયા પછી ફરીયાદ વગેરે કરી હોય તે કહાડી નાંખવી.

૪. ફરિયાદ તથા અપીલ અને અરજી કરવાની મુદત આ આકટને જોડેલા બીજા પરીશિષ્ટમાં કહી છે તે મુદત વીતી ગયા પછી જે ફરિયાદ તથા અપીલ અને અરજી કરવામાં આવશે તે મુદત વિતી ગઈ એવો જવાબ આપ્યો નહી હોય તો પણ ૫ મી કલમના આરંભથી ૨૫ મી કલમની આખર લગીની સઘળી કલમના ઠરાવનું ધોરણ રાખીને કાહાડી નાખવી.

ખુલાસો.—સાધારણ પ્રસંગે યોગ્ય અમલદારને ફરીયાદીની અરજી આપી એટલે ફરિયાદ કરી એવું થાય છે. નાદારને પ્રસંગે નાદારીમાં ફરિયાદ કરવાની પરવાનગી મળવા બાબતની તેની અરજી ફાઇલ થઇ એટલે તેણે ફરિયાદ કરી એવું થાય છે. અને જે કંપનીનું કામકાજ કોરટની મારફત આટોપવામાં આવતું હોય તે કંપનીની ઉપર દાવો હોય તે પ્રસંગે દાવો કરનારે પોતાનો દાવો આફિશીયલ લિકિવડેટરને પ્રથમ મોકલ્યો એટલે તેણે ફરિયાદ કરી એવું થાય છે.

રજુ કરવામાં આવી હોય પણ ખુટતો સ્ટાંપ ચહોડી આપવાને માટે તે અરજી પાછી આપવામાં આવી હોય અને પછીથી મુદત વિત્યા કેડે રજુ કરવામાં આવી હોય તો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે વખતે તે ફરીયાદ અરજી પ્રથમ રજુ કરવામાં હતી તે વખતે તે અરજી દાખલ કરી હતી એમ સમજવું. મુસામત બેચુ વીરૂધ સાઇઅદ. અલ્હાબાદ હાઇકોરટ રીપોરટસ ૧૮૭૪ પા. ૧૩૯ તેમજ જો કોઈ અપીલના મેમોરેન્ડમ ઉપર બરોબર સ્ટાંપ ચહોડયો હોય નહીં અને ઉપર બતાવ્યા પ્રમાણે કરવામાં આવ્યું હોય તો તેને પણ ઉપર પ્રમાણેજ ગણવામાં આવ્યું અને ઠરાવ કરવામાં આવ્યો હતો. સેવ પ્રતાપ વિરૂધ શેવ ગુલામ. ઇંડીયન લો રીપોર્ટ્સ ૨ અલ્હાબાદ પા. ૮૭૫ તેમજ જો ફરીયાદ અરજીને સુધારવા માટે પાછી આવી હોય તો તેમાં પણ ઉપર પ્રમાણેજ સમજ

મુ. રામલાલ વીરૂધ હેરીસન ઈંડીયન લૉ રીપોર્ટસ ૨ અલ્હાબાદ ૨૮૨. તેમજ જો અપીલનું મેમોરંડમ પણ સુધારવા માટે આપ્યું હોય તો તેમાં પણ ઉપર બતાવ્યા પ્રમાણે સમજવું. જગનનાથ વિરૂધ લાલમન, ઇંડીયન લૉ રીપોર્ટસ ૧ અલ્હાબાદ પા. ૨૬૭

જો કોઇ ગરીબની ગરીબાઈ વિષે ચોકશી થતી હોય તે દરમ્યાનમાં મુદત વીત્યા કેડે પુરેપુરી ફી આપે તો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે તારીખે દાવો કરવાની પરવાનગીને માટે અરજી રજુ કરવામાં આવી હોય તેજ તારીખે દાવો દાખલ કર્યો એમ સમજવું. સ્ટીનર વિરૂધ ઓર્ડ. ઈંડીયન લૉ રીપોર્ટસ ૨ અલ્હાબાદ (પ્રીવી કાઉન્શીલ) ૨૪૧

મુદત પુરી થાય ત્યારે કોરટ બંધ હોય તે બાબત વીશેષ ઠરાવ.

૫ કોઇ ફરીયાદ સારૂ અથવા અપીલ સારૂ અથવા અરજી સારૂ કહેલી મુદત જે દીવસે કોરટ બંધ હોય તે દીવશે પુરી થતી હોય તો જે દીવશે કોરટ પાછી તે દીવસે તે ફરીયાદ અથવા અપીલ અથવા અરજી કરવાનો અધીકાર છે.

અપીલ બાબત થતા ફરી તપાસ સારૂ કરેલી અરજી બાબત વીશેષ ઠરાવ

અપીલ કરવાની અથવા ફેંસલાની ફરી તપાસ સારૂ અરજી કરવાની જે મુદત કહીછે તે મુદત પછી પણ અપીલ અથવા ફેંસલાની ફરી તપાસ સારૂ અરજી હેઠળ લખેલે પ્રસંગે મંજુર કરવાનો અધીકાર છે એટલે સદરહુ મુદતની અંદર અપીલ અથવા અરજી નહીં કર્યાનું પાકું કારણ હતું એવી અપેલેંટ (એટલે અપીલ કરનાર) અથવા અરજદાર કોરટની ખાત્રી કરશે તો તે અપીલ અથવા અરજી મંજુર કરવાનો અધીકાર છે.

ટીકા:—ઢીલ થવાનું કારણ જે અરજીમાં બતાવવામાં આવ્યું હોય તેની સાથે આફીડેવીટ (સોગન પત્ર) જોઈએ. ૧૧ અકટોબર સને ૧૮૭૭ નું મુંબાઈ સરકારી ગેજીટ જુઓ.

જ્યારે અપીલ કરવાને છેલ્લે દીવશે રવીવાર અગર બીજો રજાનો દીવશ આવતો હોય તો અપીલ દાખલ કાવાને સારૂ એક દીવસ વધારે આપવો જોઈએ. ૬ મુ. હા. રી. ૫૦

દાવો દાખલ કરવાની મુતદ પુરી થઈ ત્યારે કોરટ રજાના સબબથી બંધ હતી અને રેજા પૂરી થયા પછી જે દીવશે કોરટ ઉઘડવી જોઇએ તે દીવશે ન ઉઘડતાં મોડી ઉઘડી અને જે દીવશે કોરટ ઉઘડી તે દીવશે દાવો દાખલ કરવામા આવ્યો હતો તે બાબતમાં એમ ઠર્યું કે તે દાવો યોગ્ય મુદતમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઈ. લૉ. રી. ૧ અલહાબાદ. ૨૬૩.

સામાવાળાએ અપીલ કરી હતી તેની સુણાવણી વખતે સીવીલ પ્રોસીજરકોડની કલમ ૫૬૧ મુજબની અપીલે કોરટના હુકમનામા વીરૂધ રેસ્પોન્ડન્ટે હરકતો લીધી છે અથવા લેવાનું ધાર્યું છે અને પછીથી તે અપીલ પાછી ખેંચી લેવામાં આવ્યાથી તે તકરારો ઝાહેર કરી શકાય નહીં; આ કારણ ઉપરથી ઠરાવેલી મુદત વીત્યા બાદ રેસ્પોન્ડેન્ટની સામી અપીલ દાખલ કરવાનું પૂરતુ કારણ છે એમ જણાય નહીં ૧૦ મુ. હા. રી. ૩૯૭.
અપીલ દાખલ કરવાને માટે જે વખત વધારવાનો ઠરાવછે તે ગરીબ તરીકે અપીલ કરવાની પરવાનગીને માટે જે અરજી કરવાની તેને લગું પડતો નથી. તેનેમાટે લક્ષ્મી વીરૂધ અનતા, ઈંડીયન લૉ રીપોર્ટસ ૨ મદ્રાસ ૨૩૦ અને ગંગુ વીરૂધ બળવંત નો વે. અલાહાબાદ ૧૫૯ નો ફેસલા જુઓ કોઇપણ અપીલ દાખલ કરવાનો એક તરફી હુકમ કરવામાં આવ્યો હોય તો તેની તકરાર સુનાવણીની વખતે લેઇશકાય. મીતર વીરૂધ બરાકુલા. વે. નો અલાહાબાદ. ૧૧૧ પણ નોટીફીકેટ જડજે અપીલ ટ્રન્સફર કરી હોયતોસબારડીનેટ જડજની રજા

સુનાવણી વખતે તકરાર કરી શકાય નહીં મોટી વીરૂધ ઓમેશ. ઈંડીયન લો. રીપોર્ટસ ૫ કલકત્તા. ૧.

મુદતના વીશેષ તથા સ્થળ વીશેષના કાયદા.

૬. બ્રીટીશઈંડીયામાં હાલ અમલમાં હોય તેવા અથવા આગળ અમલમાં આવનાર કાંઇ વીશેષ અથવા સ્થળ વીશેના કાયદામાં કોઈ ફરીયાદ સારૂ અથવા અપીલ સારૂ અથવા અરજી સારૂ મુદત ખ઼ુસુસ ઠરાવી હોય ત્યારે સદરહુ પ્રમાણે ઠરાવેલી મુદતમાં આ આકટના કોઈ ઠરાવ ઉપરથી બાંધ આવેછે અથવા ફેરફાર થાયછે એમ સમજવું નહીં.

ટીકા—આ આકટમાં મુદત ગણવા જે નીયમો બતાવેલાછે તે કોઇ ખાસ અથવા સ્થાનીક કાયદાની રૂઈએ જે ફરીયાદો, અપીલો, અરજીયો વીગેરે કરવાની હોય તેમને પણ તે નીયમો લાગુપડેછે .બીહારીવીરુધ મંગેલનાથ ઈંડીયન લો રીપોર્ટસ, ૫ કલકત્તા. ૧૧૦ ,તેજ ગેલાપ, વીરુધ,-ક્રીસ્ટોના કેસમાં તેજ પ્રમાણે મહત્વ ગ્રહણ કરવામાં આવ્યો હતો ઈંડીયન લોરીપોર્ટસ ૫ કલકત્તા ૩૧૪.

કાયદાસર ના લાયકી.

૭. ફરીયાદ કરવાનો અથવા.અરજી કરવાનો હક હોય તે માણસ જે વખતથી મુદત ગણવાની હોય તે વખતે શગીર [ન્હાની ઉમરનું] અથવા ચળી ગએલું અથવા દીવાનું હોય તો હેઠળ લખેલી મુદતમાં ફરીયાદ અથવા અરજી કરવાનો અધીકાર છે. એટલે આ આકટને જોડેલા ૨ જા પરિશીષ્ટના ૩ જા આસનમાં કહેલા વખતથી જે મુદત બીજે પ્રસંગે આપવામાં આવત તેટલી તે ના લાયકી દૂર થયા પછીના મુદતમાં ફરીયાદ અથવા અરજી કરવાનો તેને અધીકાર છે.

જે વખતથી મુદત ગણવાની હોય તે વખતે તેને સદરહુ પ્રકારની બે નાલાયકી હોય ત્યારે અથવા તેની નાલાયકી દુર થયાની અગાઉ તેને બીજી ના લાયકી આવી હોય ત્યારે તેને હેઠળ લખેલી મુદતમાં ફરીયાદ કરવાનો અરજી કરવાનો અથવા અધીકારછે એટલે ઠરાવેલા વખતથી જે મુદત બીજે પ્રસંગે આપવામાં આવત તેટલી તેબેઉ નાલાયકી દૂર થયા પછીની મુદતમાં ફરીયાદ કરવાનો અથવા અરજી કરવાનો તેને અધિકારછે. તેની નાલાયકી તેના મરણ સુધી ચાલુ રહે ત્યારે તેના કાયદાસર વારસ વકીલને હેઠળ લખેલી મુદતમાં ફરીયાદ કરવાનો અથવા અરજીકરવાનો અધીકારછે-- એટલે સદરહુ પ્રમાણે ઠરાવેલી વખતથી જેમુદત બીજે પ્રસંગે આપવામાં આવી હોત તેટલી તેનામરણ પછીની મુદતમાં ફરીયાદ કરવાનો અથવા અરજી કરવાનો અધિકાર તેના કાયદાસર વારસ વકીલનેછે

મરણની તારીખે સદરહુ પ્રકારના વારસ વકીલને સદરહુપ્રકારની કાંઇ નાલાયકી હોય ત્યારે આ કલમનાપેહેલા પેરેગ્રાફની કાનુન લાગુ થશેઃ—

આગ્રેક્રીવાધિકારના હક અમલમાં લાવવા બાબતની ફરિયાદિને આ કલમના કોઈ ઠરાવલાગુ નથી અથવા નાલાયકી દુર થયા પછી અથવા જે માણસને ના લાયકી હતી તે માણસ મરણ પામ્યો ત્યારથી જેમુદતમાં ફરિયાદ કરવી જોઈએ અથવા અરજી કરવી જોઇએ તે મુદત આ કલમના કોઇ ઠરાવ ઉપરથી ત્રણ વરસ કરતાં કાંઇ વધે છે એવુ સમજવું નહીં

દ્રષ્ટાંતો.

(અ) હોડીના ભાડા બાબત ફરીયાદ કરવાનો હક અને તે ન્હાની ઉમરનો હતો ત્યારે તેને પ્રાપ્ત થાયછે સદરહુ પ્રમાણે હક પ્રાપ્ત થયા પછી ચાર વરશે તે ઉમરમાં આવેછે પોતે ઉમરમાં આવ્યાની તારીખથી તેને ત્રણ વરસની અંદર ગમે તે વખતે પોતાની

ફરીયાદ કરવાનો અધીકાર છે.

(અ) મુત લેખાર્પીતદાન બાબત ફરીયાદ કરવાનો હક અ ન્હાની ઉમરનો હતો. ત્યારે તેને પ્રાપ્ત થયો છે તે હક પ્રાપ્ત થયા પછી અગીયાર વરશે તે પુખ્ત ઉમરનો થાય છે અ ને સામાન્ય કાયદા પ્રમાણે ફરીયાદ કરવા સારૂ એક વરસ માલ કહ્યું છે. પણ આ કલમ પ્રમાણે તેને બીજા બે વરસ આપવામાં આવશે. તે પુખ્ત ઉમરમાં આવ્યાની તારીખથી જે મુદતમાં તેને ફરીયાદ કરવાનો અધીકાર છે તે મુદત કુલ એકંદર ત્રણ વરસની આ પ્રમાણે થાય છે.

(ક) ઝ. ન્હાની ઉમરનોછે ને તેને ફરીયાદ કરવાનો હક પ્રાપ્ત થાય છે, તે હક પ્રાપ્ત થયા પછી અને ન્હાની ઉમરનો હતો ત્યારેજ તે ગાંડો થાય છે જે તારીખે ઝ નું ગાંડા પણું જાયછે તથા ન્હાની ઉમર પુરી થાયછે તે તારીખથી તેની ફરીયાદ કરવાની મુદત સરૂ થઈ છે.

[ડ] ઝ. ન્હાની ઉમરનોછે ને તેને ફરીયાદ કરવાનો અધીકાર પ્રાપ્ત થાય છે. તે પુખ્ત ઉમરનો થયાની અગાઉ તે મરણ પામ્યો છે તથા તેનો સ્થાનાપન્નનો ન્હાની ઉમરનો છોકરો ય થાયછે. ય પુખ્ત ઉમરનો થયાની તારીખથી તેની ફરીયાદ કરવાની મુદત સરૂ થાય છે.

(ઈ) વંશપરંપરાનો હુદો મળવા સારૂ ફરીયાદ કરવાનો હક અ ને પ્રાપ્ત થાય છે. તે તે વખતે ગાંડો છે, તે હક પ્રાપ્ત થયા પછી છ વરસે અ ગાંડો હતો તે સાજો થઈને ઠેકાણે આવેછે. અ. નું ગાંડાપણું ગયાની તારીખથી જે મુદતમાં તે ફરીયાદ કરી શકે છે. તે મુદતમાં સાધારણ કાયદા ઉપરથી તેને છ વરસની છે તે મુદત આ કલમ ઉપરથી વધતી નથી.

(ફ) ખેડુતની પાસેથી કબજો મળવા સારુ જમીનદાર તરીકે ફરીયાદ કરવાનો હક અને પ્રાપ્ત થાય છે. તે દીવાનો છે. હક પ્રાપ્ત થયા પછી અ. ત્રણ વરશે મરણ પામેછે. અને મરણની તારીખ સુધી તેનું દીવાનાપણું રેહેછે. અ ના મરણની તારીખથી જે મુદતમાં અ ના હક સબંધનો વારસ વકીલ ફરીયાદ કરી શકેછે તે મુદત સાધારણ કાયદા ઉપરથી તેને નવ વરસની છે. તે મુદત વારસ વકીલની પાશે વારસ વકીલપણું આવ્યું ત્યારે તે ખુદ પોતે ના લાયકીમાં નહી હોય તો આ કલમ ઉપરથી વધતી નથી.

ટીકા.—પોતાનો જન્મ થતાં પેહેલાં દાવાનો હક ઉત્પન્ન થયો હોય તે હકની બાબતમાં કોઇ સગીર પૂખ્ત ઉમરે આવ્યા પછી આ કલમનો લાભ લઇ શકે નહી. ૩૩ વી. રી ૨૮૫.

આ કલમથી સગીરને અગર તેના મૃત્યું પછી તેના પ્રતીનીધીને જે દાવો લાવવા સારૂ જે ખાસ મુદત આપવામાં આવીછે તે મુદતનો લાભ સગીરની સાથે બીજો કોઇ પ્રકારે સંબંધ ધરાવતો પુરૂષ માગી શકતો નથી. ૨૪ વી. રી. ૧૮૧.

સગીર પુખ્ત ઉમરનો થયો કયારે ગણાય તે બાબતમાં સન ૧૮૭૫ નો ૯ મો આકટ જુઓ.

કોઇ પણ સગીર પોતાની ના લાયકીના દરમ્યાનમાં પોતાના વ્યાજબી પ્રતીનીધીની મારફતે દાવો કરી શકે. રામ ઓરત વીરૂધ ધનુ. અલાહાબાદ હાઇકોરટ રીપોર્ટસ ૧૮૯૯ પા. ૧૨૨ તેમજ દુલબાશ કુમાર વીરૂધ લાલાજેગેસર ઈંડીયન લો રીપોર્ટસ ૧ કલકત્તા ૨૨૬ પ્રીવી કાઉન્શીલ.

કોઇ સગીરનો વાલી દાવો કરે તો તે દાવો સગીરને માટે છે એમ સમજવું અને ન્હાની ઉમરનો હોય તે દરમ્યાનમાં ગમે તે વખતે દાવો લાવી શકાય. ખોદાબક્ષ વીરૂધ બદરી. ઈંડીયન લો રીપોર્ટસ ૭ કલકત્તા ૧૩૭ હરી વીરૂધ આણંદ ૩ વીકલી રીપોટર પા. ૮

કોઇ પણ સગીરને માટે તેનો વાલી થોડી મુદતને માટે તેના પ્રતીનીધી તરીકે કામ કરેછે તે વાતથી સગીરની ના લાયકી રદ થતી નથી. આનાથોરામા વીરૂધ કરૂપાના. ઈંડીયન લો રીપોર્ટસ ૪ મદ્રાસ ૧૧૯

એક સામાઇક લેણદારની નાલાયકી. ૮. કેટલાએક સામાઇક લેણદારોમાંના અથવા દાવો કરનારામાંના કોઈ એકને સદરહુ પ્રકારની કોઈ ના લાયકી હોય અને સદરહુ પ્રકારના માણસના અનુમત વગર ફારગતી અપાતી હોય ત્યારે મુદત સઘળાને વાસ્તે ચાલુ થાય છે એવું સમજવું પણ સદરહુ પ્રકારની ફારગતી અપાતી નહી હોય ત્યારે બીજાઓના અનુમત વગર સદરહુ પ્રકારની ફારગતી આપી શકવાને તેઓ પઇકી એક લાયક થાય ત્યાં સુધી તેઓ પઇકી કોઇને વાસ્તે પણ મુદત ચાલુ થનાર નથી.

દ્રષ્ટાંત.

(અ) અ એક પેઢીનું કરજ કરેછે. તે પેઢીના બ તથા ક તથા ડ ભાગીઆ છે. બ ગાંડોછે તથા ક ન્હાની ઉમરનો છે. બ તથા ક ના અનુમત વગર ડ તે કરજની ફારગતી આપી શકે છે બ તથા ક તથા ડ બાબત મુદત ચાલુ થાયછે.

(બ) અ એક પેઢીનું કરજ કરેછે. તે પેઢીના ઇ. તથા ફ. તથા ગ. ભાગીઆ છે. ઈ. તથા ફ. ગાંડાં તથા ગ. ન્હાની ઉમરનો છે. ઈ. તથા ફ નું ગાંડાપણું જાય ત્યાં સુધી અથવા ગ પુખ્ત ઉમરનો થાય ત્યાંસુધી તેઓ પૈકી કોઇને વાસ્તે મુદત ચાલુ થતી નથી.

ટીકા:—કોઈ હીંદુકુટુંબ જેમાં એક મેમબર સગીર હોય તેવા કુટુંબના કોઈ મેને જરે કાંઈ પઇશા ઉછીના લીધા હોય અને સગીરપણાની દરમીયાનમાં મુદત પૂરી થઇપણ મુદતની પેહેલાં કેટલાક મેમબર હતા જેઓનો પોતાનો હક હોય તેવાં મેમબરોના અને પુખ્તે ઉમરે આવ્યા કેડે આ કલમ ઉપર આધાર રાખીને તે સગીરે પઈશા લેવાનો દાવો કર્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે સગીરની સમતી શીવાય દેવાદારનો છુટકો કરવાને માટે એક કરતાં વધારે મેમબરો હતા તેથી કરીને આ કલમ લાગુ પડી શકતી નથી સરજાડ વીરૂધ ખાહેશ ઈંડીયન લો. રીપોરટ ૪ અલાહાબાદ ૫૧૨.

મુદત સતત ચાલે છે. ૯. મુદત એકવાર ચાલુ થઇ એટલે તે ફરીયાદ કરવાની પછી કાંઈ ના લાયકી અથવા અસમર્થ પણું આવ્યાથી, બંધ પડતી નથી.

પણ એવું ઠરાવ્યું છે કે લેણદારનાં ઇસ્ટેટનો મરણોતર વહીવટ ચલાવવાની સનંદ તેના દેણદારને આપી હોય ત્યારે તે કરજ વસુલ કરવા સારૂ ફરીયાદ કરવાની મુદત કહી છે તે મુદત ચાલુ થવાનું તેનો વહીવટ ચાલુ હશે ત્યાં સુધી મોકુફ રેહેશે.

ટીકા—આપ ખુશીથી અથવા દેશ નીકાલ કરવાના સબબથી કોઈ શખ્સ સમુદ્રપાર હોયતો તેથી કરીને જો એક વખત તેની સામેં મુદત ચાલુ થઇ હોય તો પછીથી તેને તે માંથી મુકત થવાનું બની શકતું નથી. દામન વીરૂધ સોદન કોલા ૧ બં. લો રી. એસ. એન. ૨૫ તેમજ પુખ્ત ઉમરે પહોંચ્યા કેડે જો આપ ખુશીથી કોઈ શખ્સ પરદેશ રહેતો હોયતો તેને પણ તેબાતલપણું મળી શકતું નથી. વંકટા વીરૂધ ગીરી. ૨ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટસ પા. ૧૧૩ તેમજ પ્રતીવાદીના રેહેઠાણ સમંધી ખબર હોય નહી તોપણ ઉપર

પ્રમાણેજ સમજવું. મહમદ મુસીહુદીન વીરૂધ મુસીહુદીન. અલાહાબાદ હાઈકોરટ રીપોર્ટસ ૧૮૭૦ પા. ૧૫૩.

જો એક વખત મુદત ચાલુ થઇ હોય તો પછીથી પ્રતીવાદી બ્રીટીશ હીંદુસ્થાનની બહાર રેહેતો હોય તો તે બાતલ કરવામાં આવતું નથી. આ કલમ તથા કલમ ૧૩ સાથે વંચાવી જોઈએ. નારણજી વીરૂધ મગનીરામ ઈંડીયન લો રીપોર્ટસ ૬ મુંબાઈ પા. ૧૦૩ ઉપરના કેસમાં નીચે પ્રમાણે હકીકતો હતી. મુદતનો વખત ગણવામાં કલમ ૯ તથા કલમ ૧૩ સાથે વંચાવી જોઇએ. કોઇ પણ દાવાના કારણ બાબત કાયદેસર વખતની જો એક વખત મુદત ચાલુ થઇ હોય તો પછીથી પ્રતીવાદી બ્રીટીશ હીંદુસ્થાનમાં ગેરહાજર રેહેતો તેથી પેલી મુદત ચાલુ થઇ હોય તેને કાંઇ અટકાવ થતો નથી. વાદીની સાથે હીસાબ નક્કી કરી બાકી કહાડી આપ્યા પછી પ્રતીવાદીને નામે હુંડીની તથા માલની ઉપજની વધારાના પઈશાની રકમો જમે કરી હોયતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ પ્રમાણેની રકમો એ હીંદુસ્તાનના મુદતના આકટની કલમ ૨૦ ના અર્થ પ્રમાણે અવેજ આપ્યો એમ સમજવું નહીં.

મુદામ ટ્રસ્ટીહોય તેઓની ઉપર તથા તેઓના વારસ વકીલની ઉપર ફરીયાદો.

૧૦ આ આકટ પાછલ કાંઇ પણ ઠરાવ હોય તોય પણ કાંઇ વીશેશ કારણ સારૂ કોઇ માણસની પાશે માલ મીલકત ટ્રસ્ટમાં આવી હોય તે માણસ ઉપર અથવા તેના કાયદાસર વારસ વકીલ ઉપર અથવા આસૈન ઉપર (જે કીમતદાર મોબદલા બાબત આસૈન નહીં હોય) તેના અથવા તેઓના હાથમાંથી તે માલ મીલકત લેવા સારૂ ફરીયાદ કરવાને, ગમે તેટલી મુદત થઈ ગઇ હોય તો પણ હરકત છે એમ સમ સમજવું નહી.

ટીકા:—બીજા શખસના હાથમાં ટ્રસ્ટ તરીકે મીલકત સોંપવામાં આવી હોયતો જ્યાં સુધી પાછી આપવા વીસે માલીકે માગણી કરી નથી અને ટ્રસ્ટીએ તે પછી આપવા ના પાડી નથી ત્યાં સુધી માલીકને કોઇ પણ દાવાનું કારણ ઉત્પન્ન થતું નથી. ના કહ્યાની તારીખથી મુદત શરૂ થાયછે પણ ટ્રસ્ટીને કબજો મળ્યો તે તારીખથી મુદત શરૂ થતી નથી. ૧૨. વી. રી. ૩૧૯.

ટ્રસ્ટીઓ પાસેથી હીસાબ માગવાના દાવા હોયતે આ કલમમાં આવતા નથી. સરોદા વીરૂધ બ્રોજોનાથ. ઈંડીયન લો રીપોરટસ ૫ કલકત્તા. ૯૧૦૦ કોઇવીલ કરનાર સખસે ઇસ્ટેટ ઉપર દેવાનો ચારજ કર્યો હોયતો તેથી કોઈ ટ્રસ્ટ થતો નથી પણ કોઇ અમુક દેવું અથવા દેવાં આપવાને માટે અમુક મીલકત ટ્રસ્ટ ઉપર આવી હોયતો તે આ કલમ પ્રમાણે ટ્રસ્ટ છે એમ સમજવું આનંદમોઇ વીરૂધ ચીશચંદર. ઈંડીયન લો. રીપોરટસ ૭ કલકત્તા પા ૭૯૨

કોઈપણ મીલકતની બાબતમાં ટ્રસ્ટ કરનારે અમુક મીલકત ઉપર લેને ચારજ કરવી તેને માટે ટ્રસ્ટી ઉપર જે દાવો કરવાનો હોયતે તથા હીસાબને માટે જે દાવો કરવાનો હોય ને તે મીલકતમાંથી પઇશા આપવાનો દાવો છે એમ સમજવું અને ગમે તેટલો વખત થાય તોપણ તેથી તેવો દાવો અટકતો નથી. હરોકુમારી વીરૂધ તારીણી. ઈડીયન લો રીપોરટસ ૮ કલકત્તા પા ૭૬૬

પારકા મુલકના કરાર ઉપરથી ફરીયાદો.

૧૧ પારકા મુલકમાં થએલા કરારો ઉપરથી બ્રીટીશ ઇંડીયામાં ફરીયાદો કરવામાં આવે તેઓને આ આકટમાં કહેલાં નીયમ લાગુ છે.

પારકા મુલકમાં થએલા કરાર ઉપરથી બ્રીટીશ ઈંડીયામાં ફરીયાદ કરવામાં આવે તે ફરીયાદીના જવાબમાં તે પારકા મુલકના મુદતના નીયમની હરકત હેઠળ લખ્યા પ્રમાણે હકીકત ન હોય તો ચાલશે નહીં, એટલે તે નીયમ ઉપરથી તે કરાર નહીં સરખો થઇ જતો નહીં હોય તથા તે નીયમમાં કહેલી મુદતમાં પક્ષકારોની તે મુલકમાં સ્થાનીક વસતી થઇ નહીં હોય તો તે નીયમની હરકત ચાલશે નહીં.

ભાગ ૩ જો.

મુદત ગણવા બાબત.

જે દહાડે ફરીયાદ કરવાનો હક પ્રાપ્ત થાયછે તે દહાડો મુકી દેવો.

૧૨ હરકોઇ ફરીયાદ અથવા અપીલ અથવા અરજી કરવાની મુદત કહી હોય તે ગણુતી વખતે જે દહાડાથી તે ગણવાની હોય તે દહાડો મુકી દેવો.

અપીલોને તથા કેટલીએક અરજીઓને પ્રસંગે મુદત મુકી દેવા બાબત.

અપીલ કરવાની જે મુદત તથા નાદારીમાં અપીલ કરવાની પરવાનગી બાબત અરજી કરવાની જે મુદત તથા ફૈસલાની ફરી તપાસ સારૂ અરજી કરવાની જે મુદત કહીછે તે મુદત ગણતી વખતે ફૈસલા બાબત તકરાર હોય તે ફૈસલો જે દીવસે કહી સંભળાવ્યો હોય તે દીવસ અને જે હુકમનામા ઉપર અથવા શીક્ષાના ઠરાવની ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય અથવા જે હુકમનામાની શીક્ષાના ઠરાવ અથવા હુકમની ફરી તપાસ થવી જોઈએ એવી માગણી હોય તે હુકમનામાની અથવા શીક્ષાના ઠરાવની અથવા હુકમની નકલ મળવા સારૂ જેટલી મુદત જરૂર હોય તેટલી મુદત મુકી દેવી.

હુકમનામા ઉપર અપીલ હોય ત્યારે અથવા હુકમનામાની ફરી તપાસ થવી જોઇએ એવી માગણી હોય ત્યારે જે ફૈસલા ઉપરથી હુકમનામું કર્યું હોય તે ફૈસલાની નકલ મળવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત પણ મુકી દેવી.

(પંચનો) ફૈસલો રદ કરવા સારૂ આ અરજી કરવાની જે મુદત કહી છે તે ગણુતી વખતે (પંચના) ફૈસલાની નકલ મળવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત મુકી દેવી.

ટીકા:—"જજમેન્ટની નકલ મેળવવાને જેટલી મુદતની જરૂર હોય" એશબ્દો આ કલમમાં છે તે મહારાણીને અપીલ કરવાની પરવાનગીને માટે જે અરજી કરવાની હોય તે અરજીને એ શબ્દો લાગુ પડતા નથી. જુવાહીર વીરૂધ નારાયણ. ઈન્ડીયન લો રીપોર્ટસ ૧ અલાહાબાદ પા. ૬૪૪.

વળી મજકુર શબ્દો લેટર્સપેટન્ટના ૧૦મા કલોઝની રૂએ ફુલ કોરટને અપીલ કરવાની હોય તો નકલ મેળવવાને જેટલી મુદતની જરૂર હોય તેવી નકલને માટે કરેલી અરજીને પણ તે લાગુ પડતા નથી. કેમકે તે કોરટના નીયમો પ્રમાણે તેવી નકલની જરૂર નથી. ફઝલ વીરૂધ ફુલકુંવર. ઈન્ડીયન લો રીપોર્ટસ ૨ અલાહાબાદ, ફુલબેંચ, પા. ૧૯૨.

પ્રતીવાદી બ્રીટીશઈંડીયામાંથી જેટલી મુદત સુધી ગેરહાજર હોય તેટલી મુદત મુકી દેવી.

૧૩. ફરીયાદ કરવાની મુદત કહી હોય તે ગણુતી વખતે પ્રતીવાદી જેટલી મુદત સુધી બ્રિટીશ ઇંડીયામાંથી ગેરહાજર હોય તેટલી મુદત બાદ કરવી.

ટીકાઃ—હુકમનામું બજાવતી વખતના મુદ્દતમાં કોઈ હુકમનામાના દેણદારે જે અરજી કરી હોય તેને આ કલમના ઠરાવો લાગુ પાડી શકતા નથી. આશન વીરૂધ્ધ ગંગારામ ઈન્ડીયન લો રીપોર્ટસ ૩ અલાહાબાદ પા.૧૮૫

તેમજ જો કોઇ પ્રતીવાદી દાવામાં કારણની બાબતમાં મુદત ચાલુ થઈ હોય ત્યાર કેડે બ્રીટીશ હીંદુસ્થાનમાં ગેરહાજર હોય અગર બ્રીટીશ હીંદુસ્થાનની બહાર ગયો હોય તો તેને પણ આ કલમના ઠરાવો લાગુ પડી શકતા નથી. નારણજી વીરૂધ્ધ મગનીરામ ઇન્ડીયન લો રીપોર્ટસ ૬ મુંબાઈ પા. ૧૦૩

ઉપર બતાવેલા નારણજી વિરૂદ્ધ મગનીરામના કેસમાં નીચે પ્રમાણે હકીકતો હતી. મુદતનો વખત ગણવામાં કલમ ૯ તથા કલમ ૧૩ સાથે વંચાવી જોઈએ. કોઇપણ દાવાના કારણ બાબત કાયદેસર વખતની જો એક વખત મુદત ચાલુ થઈ હોય તો પછીથી પ્રતીવાદી બ્રીટીશ હીંદુસ્થાનમાં ગેર હાજર હોય તો તેથી પેલી મુદત ચાલુ થઈ હોય તેને કાંઈ અટકાવ થતો નથી. વાદીની સાથે હીસાબ નક્કી કરી બાકી કહાડી આપ્યા પછી પ્રતીવાદીને નામે હુંડીની તથા માલની ઉપજના વધારાના પઇશાની રકમો જમે કરી હોય તો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ પ્રમાણેની રકમો એ હીંદુસ્થાનના મુદતના આકટની કલમ ૨૦ મીના અર્થ પ્રમાણે અવેજ આપ્યો એમ સમજવું નહી.

પણ ઉપર બતાવેલા કેસમાં જે ઠરાવ કરવામાં આવ્યો હતો તેનાથી બીક અને કુંપની વીરૂધ્ધ ડેવીસ ઈંડીયન લો રીપોર્ટસ ૪ અલાહાબાદ ૫૩૦ ના કેસમાં જે ઠરાવ થયો હતો તે ઉલટા હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમને કલમ ૯ થી કોઇ પણ રીતે અસર થતી નથી તેમ તેનાથી કોઈપણ રીતે અટકાવ થતો નથી. અને દરેક કેસમાં જે વખત સુધી પ્રતીવાદી હીંદુસ્થાનમાં ગેરહાજર હોય તે વખત બાતલ કરવોજ જોઇએ.

હકુમત વગરની કોરટમાં પ્રમાણીકપણે ચલાવેલાં કામમાં લાગેલી મુદત બાદ કરવી.

૧૪. કોઇ ફરીયાદ કરવાની મુદત કાઢી હોય તે ગણતી વખતે વાદી અંસલ ફરીયાદ લેવાની હકુમતવાળી કોરટમાં અથવા અપીલની કોરટમાં તેજ પ્રતીવાદી ઉપર બીજી દીવાની ફરીયાદ યોગ્ય હપ્તાથી ચલાવતો હોય તે ફરીયાદને જેટલી મુદત લાગી હોય તેટલી મુદત હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોય તો બાદ કરવી. એટલે ઉપર કહેલી બીજી ફરીયાદ, ફરીયાદીનાં જે કારણ ઉપરથી પહેલી ફરીયાદ કરી હોય તેજ કારણ ઉપરથી કરી હોય તથા કોઇ કોરટમાં તે ફરીયાદ પ્રમાણીકપણે ચલાવી હોય ને તેવાં કોરટને હકુમત ન હોવાને લીધે અથવા તે પ્રકારનાં બીજાં કારણને લીધે તે કોરટથી તે ફરીયાદ ધ્યાનમાં લઈ શકાતી ન હોય તો તે મુદત બાદ કરવી.

દીવાગી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૨૦ મી કલમ પ્રમાણે કરેલા હુકમને પ્રસંગે તેવીજ મુદત બાદ કરવી.

જે ફરીયાદનું કામ દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૨૦ મી કલમ પ્રમાણે હુકમ કરીને બંધ રાખ્યું હશે તે ફરીયાદ કરવાની મુદત કહી હોય તે ગણતી વખતે હેઠળ લખેલી મુદત બાદ કરવી એટલે ફરીયાદ કર્યાની તથા કામ સદરહુ પ્રમાણે બંધ કર્યાની તારીખથી દરમીઆનની મુદત અને જે કોરટમાં કામ બંધ કર્યું હોય તે કોરટમાંથી જે કોરટમાં તે ફરીયાદ ફરીથી કરવાની હોય તે કોરટ જવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત બાદ કરવી.

અરજીને પ્રસંગે તેવીજ મુદત બાદ કરવી.

કોઈ અરજી બાબત જે મુદત કહી હોય તે મુદત ગણવી વખતે અરજદાર તેજ ન્યાય મળવા સારૂં જે મુદતમાં અરજી કરતો હસે તે મૂદત હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોય તો બાદ કરવી એટલે ઉપરછલી કહેલી અરજી કોઇ કોરટને પ્રમાણીકપણે કરી હોય ને તે કોરટની હકુમતમાં ખામી હોવાને લીધે અથવા તેવા પ્રકારના બીજા કારણને લીધે તે કોરટથી તે ન્યાય આપી શકાતો નહી હોયતો તે મુદત બાદ કરવી.

ખુલાસો. ૧.—જેટલી મુદત સુધી આગળની ફરીયાદ ચાલુ હતી અથવા અરજી કરી હતી તે મૂદત ગણતી વખતે જે દીવસે તે ફરીયાદ અથવા અરજી તે કરી દીવસ તથા જે દીવસે તે ફરિયાદનું અથવા અરજીનું કામ પુરૂ થયું તે દીવસ એ બેઉ દીવસ ગણવા.

ખુલાસો. ૨—હકુમત નહી હતી એવા સબબથી અપીલ કરી હોય તે અપીલ બાબત હરકત લેનારો વાદી આ કલમના અર્થ પ્રમાણે ફરીયાદનું કામ ચલાવતો હતો એવું સમજવું.

ટીકા—ચંદેરાય વી હરપ્રસાદ નારાયણસીંગના કામમાં કલેકટરના હુકમ પ્રમાણે દીવાની કોરટમાં દાવો ચલાવવામાં જે વખત ગયો છે તે બાદ આપવામાં આવ્યો હતો. ૨૩ વો. રી. ૨૭૪

યોગ્ય મુદતમાં અને યોગ્ય ઉદ્યોગથી ફરી તપાસની અરજી કરી હોય તો અપીલ દાખલ કરવામાં ઢીલ થઈ હોય તેનું પુરતું કારણ ગણાશે. ૨૨ વી રી. ૭૯

નીચેના ફેસલામાં મુદત કાપી આપવામાં આવી હતી. પુતળી મેહેતી વીરૂધ તુલજા ઈંડીયન લો રીપોર્ટસ ૩ મુંબાઈ ૨૨૩ તેમાં નીચે પ્રમાણે હકીકતો હતી. હાલના દાવાની માફક તેવાજ દાવાના કારણ ઉપર આધાર રાખતો અને તેજ બાબતને માટે વાદીએ પ્રતીવાદી ઉપર સને ૧૮૭૫ માં દાવો કર્યો. તેમાં જે મુદા ઠરાવવામાં આવ્યા હતા તેની તપાસ થઈ હતી પણ તે કોરટને હકુમત મળવાને માટે ટેન્શન આકટની રૂએ એક સરટીફીકટની જરૂર હતી તે સરટીફીકટ મેળવવામાં આવ્યું નહોતું તેથી દાવો કહાડી નાખવામાં આવ્યો હતો.

તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કોરટે પ્રથમના કેસના ગુણદોષ ઉપર જોયા વગર કાયદેસર રીતે ઠરાવ કરેલો હતો નહીં તેથી કરીને તે મુદાઓ ઉપર જે અભિપ્રાય બતાવ્યા હતા તે એવી રીતના "રીસજયુડીકેટા" નથી કે જેથી કરીને આ દાવાને હરકત આવી શકે.

તે સરટીફીકટ રજુ નહીં કર્યું તે ઘટીત ઉદ્યોગની એવી કેવી તંગાસ નહોતી કે જેથી કરીને મુદતના કાયદાની કલમ ૧૪ મીની રૂએ મુદત કપાવાને વાદીને હક મળે નહીં.

તેમજ શેઠ કહાનદાશ વીરૂધ ડાહ્યાભાઈ ઈંડીયન લો રીપોર્ટસ ૩ મુંબાઈ ૩૧૨ ના કેસમાં પણ મુદત કાપી આપવામાં આવી હતી. તેમાં વાદીએ બે પ્રતીવાદીઓ ઉપર સુરતમાં દાવો કરયો હતો. પણ હાઈકોરટે તેમાંના એક ઉપર દાવો કરવાની પરવાનગી આપી નહી તેથી વાદીએ પોતાનો દાવો પાછો ખેંચી લીધો અને અમદાવાદમાં દાવો કર્યો તેમાં મુદત કાપી આપવામાં આવી હતી.

પીરાજડે વીરુધ પીરાજડેના કેસમાં મુદત કાપી આપવામાં આવી નહોતી. સને ૧૮૮૨ ના દીવાની કાયદાની કલમ ૩૭૪ માં કરેલો દાવો પાછો ખેંચી લઈ બીજો નવો દાવો કરવાની પરવાનગીને માટે જે નીયમ બતાવ્યો છે તે નીયમ હુકમનામાં બજાવવાની દરખાસ્તને પણ લાગુ પડે છે અને તે દરખાસ્તને જો મુદતનો કાંઈ વાંધો આવતો હોય નહી તો ફરીથી દરખાસ્ત કરવાની પરવાનગી સહીત પ્રથમની દરખાસ્ત પાછી ખેં

રી લેવામાં આવે છે, અને તેમાં એમ સમજવું કે જાણે કે પ્રથમ દરખાસ્ત કરીજ ન હોતી; મુદતના કાયદાના પરીશીષ્ટ બીજાના આરટીકલ ૧૭૯ની રકમ ૪ પ્રમાણે અને જ્યારે આવી દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવે તો તેમાં મુદતના કાયદાની કલમ ૧૪ માં જે ફાયદો બતાવ્યો છે તે લાભ મળી શકતો નથી.

એકજ કુટુંબની બે જુદી જુદી શાખાઓ ઉપર કુટુંબી મીલકતનો ભાગ મેળવવા માટે બે દાવા કરવામાં આવ્યા હોય અને પછીથી તે કુટુંબનો સામાન્ય વીભાગ કરવાને સઘળા ભાગીદારો ઉપર એક દાવો કરવામાં આવ્યો હોય તો તેમાં મુદત કાપી આપવામાં આવી નહોતી. આને માટે મુંબાઇની હાઇકોરટે કરેલો જોઇતારામ વીરૂધ બાઇસીંગનો કેસ જુઓ. ૮ મુંબાઈ હાઈકોરટ રીપોર્ટસ એ. સી. પા. ૨૨૮

જેટલી મુદત સુધી ફરીયાદ સુરૂ કરવાનું કામ તાકીદ ઉપરથી અથવા હુકમ ઉપરથી બંધ રહ્યું હોય તેટલી મુદત મુકી દેવી.

૧૫ કોઇ ફરીયાદ કરવાની મુદત કહી હોય તે ગણતી વખતે તે ફરીયાદ કરવાનું કામ જે તાકીદ ઉપરથી અથવા હુકમ ઉપરથી બંધ રહ્યું હોય તે તાકીદ અથવા હુકમ જેટલી મુદત સુધી ચાલુ રેહેશે તેટલી મુદત તથા જે દીવશે તે તાકીદથી અથવા હુકમ કર્યો હોય તે દીવસ તથા જે દીવસે તે તાકીદ અથવા તે હુકમ રદ કર્યો હોય તે દીવસ બાદ કરવો.

ટીકા:—આ કલમના ઠરાવ હુકમનામું બજાવતાં બંધ કરાવાને જે ઈનજંકશન મેળવવામાં આવે તેને લાગુ પડતા નથી. તેને માટે કલ્યાણભાઇ વીરૂદ્ધ ઘનશામલાલનો મુંબાઈની હાઇકોરટનો ફેસલો જુઓ. ઇંડીયન લો રીપોર્ટસ ૫ મુંબાઇ પા. ૨૯ તેમાં નીચે પ્રમાણે બીનાઓ હતી.

એક મ. ક. નામના સખસની પેઢી ઉમર ગ ના બાપે હુકમનામું કરાવ્યું તેણે હુકમનામું બજાવવાને દરખાશ કરી પણ વેચાણ થયું નહોતું તે દરમ્યાનમાં એક પ નામનો સખસ હુકમનામાવાળા ઉપર એક કરારની ફઈએ તે મીલકતનું વેચાણ અટકાવવાને ઈ-જંકશન લાવ્યો પણ જે વખતે પ એ ઇનજંકશન મેળવ્યું કે થોડા વખત પછી તરતજ હુકમનામાવાળો ગુજરી ગયો તેથી પ ની ફરીયાદ કાઢી નાંખવામાં આવી હતી અને ઈ-જંકશન રદ કરવામાં આવ્યું પછી તે હુકમનામાવાળાના પ્રતીનીધી ગએ ઇનજંનશન રદ કરવાં આવ્યું કે તરતજ પોતાનું નામ દાખલ કરવાને અરજી કરી. તેમાં એવી તકરાર ઉઠાવવામાં આવી હતી કે ગ ની ફરીયાદ મુદતથી અટકી છે કેમકે તેજના (એટલે ગ ના બાપના) મોત થયા કેડે ત્રણ વરસ કેડે કરવામાં આવી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે અરજી મુદતની અંદર કરી હતી કેમકે જે વખતે તેને હક મળ્યો એટલે કે ઇનજંકશન રદ કરવામાં આવ્યું ત્યારથી એટલે તે તારીખથી ત્રણ વરસની અંદર અરજી કરવામાં હતી. આ બાબત મુદતના કાયદાનો ૧૭૮ મો આરટીકલ જુવો.

હુકમનામું બજાવવા સારૂ કરેલા વેચાણ રદ કરવાનો યત્ન હુકમનામાવાળો દેણદાર જે મુદતમાં કરતો હોય તે મુદત મુકી દેવી.

૧૬. હુકમનામું બજાવવા સારૂ કરેલા વેચાણમાં જે ખરીદદાર હોય તેને કબજા લેવાની ફરીયાદ કરવી પડે તે ફરીયાદ બાબત જે મુદત કહી હોય તે મુંદત ગણતી વખતે તે વેચાણ રદ કરવા સારૂ હુકમનામાવાળો દેણદાર જેટલી મુદત સુધી કામ ચલાવતો હોય તેટલી મુંદત બાદ કરવી.

ફરીયાદ કરવાનો હક પ્રાપ્ત થયા પહેલાં મરણ થાય તેનું પરીણામ.

૧૭. ફલાણું માણુસ જીવતું હોત તો તેને ફરીયાદ કરવાનો અથવા અરજી કરવાનો હક હોત તે માણુસને હક પ્રાપ્ત થયા પહેલાં મરણ પામે ત્યારે તે ફરીયાદ અથવા અરજી કરવાની મુદત, તે મરનાર માણુસનો કાયદાસર વારસ વકીલ તે ફરીયાદ અથવા અરજી કરવાને લાયક થયો હોય ત્યારથી ગણવી.

ફલાણું માણસ જીવતું હોત તો તેની ઉપર ફરીયાદ કરવાનો અથવા અરજી કરવાનો હક પ્રાપ્ત થયો હોત તે માણસ હક પ્રાપ્ત થયાં પહેલાં મરણ પામે ત્યારે તે ફરીયાદ અથવા અરજી કરવાની મુદત વાદી જેની ઉપર તે ફરીયાદ અથવા અરજી કરી શકે એવો કોઈ તે મધ્યત માણસનો કાયદાસર વારસ વકીલ જ્યારે થયો હોય તે વખતથી ગણુવી.

અગ્રક્રયાધિકાર અમલમાં આણુવા બાબતની અથવા સ્થાવર મિલકતના અથવા વંશપરંપરાના હુદ્દાનો કબજે મળવા બાબતની ફરીયાદોને આ કલમના પેહેલા ભાગનો કોઇ ઠરાવ લાગુ નથી.

ટીકા—કોઇ મેનેજર ગુજરી જાયતો મરનારના પ્રતીનીધીઓની સામે હીસાબને માટે દાવો કરવાનો નવો હક કામે લગાડનારને મળેછે. અને મેનેજરની ઇસ્ટેટનો વહીવટ કરવાને જે તારીખે હક મળ્યો હોય તે તારીખથી મુદત ચાલું થાય છે. લોલર્સ વીરૂધ ધી કલકત્તા લેન્ડીંગ અને શીપીંગ કંપની ઇંડીયન લૉ રીપોર્ટસ ૭ કલકત્તા ૬૨૭.

કપટનું ફળ.

૧૮. કોઈ માણસને ફરિયાદ કરવાનો અથવા અરજી કરવાનો હકછે ને તેને તે હક હોવાનું કપટથી માલમ પડવા દીધું નહીં હોય અથવા જે અધિકાર ઉપરથી તે હક હોય તે અધિકાર તેને કપટથી માલમ પડવા દીધો નહીં હોય ત્યારે.

અથવા સદરહુ પ્રકારનો હક સાબેત કરવાને જે દસ્તાવેજની જરુર હોય તે દસ્તાવેજ તેનાથી કપટથી સંતાડ્યો હોય ત્યારે,

હેઠળ લખેલાં માણસો ઉપર ફરિયાદ કરવાની અથવા અરજી કરવાની મુદત ગણવી તે એટલે.—

(અ) જે માણસે કપટ કરયું હોય અથવા કપટ કરવામાં જેણે મદદ કરી હોય તે માણુસ ઉપર અથવા.

(બ) તે માણસના સબંધી જે કોઇ માણુસ પ્રમાણીકપણા વગર તથા કીમતદાર બદલો આપ્યા વગર બીજી રીતે દાવો કરતો હોય તે માણુસ ઉપર ફરીયાદ કરવાની અથવા અરજી કરવાની મુદત ગણવી તે.

કપટથી જે માણસનું નુકશાન થયું હોય તે માણસને કપટ પેહેલ વેહેલું જ્યારે સમજાયું હોય તે વખતથી ગણવી; અથવા સંતાડેલા દસ્તાવેજને પ્રસંગે તે દસ્તાવેજ હાજર કરવાનું અથવા હાજર કરાવવાનું સાધન તેને પ્રથમ જ્યારે પ્રાપ્ત થયું તે વખતથી ગણવી.

ટીકા—જે પક્ષકારના સામે હક બજાવવાનો હોય તેણે જો કપટ કર્યું હોયતો તેવા કામને આ કલમ લાગુ પડેછે. રામદયાલ વી. અજોધ્યા ઈ. લા. રી. ૨ કલકત્તા. ૧

વળી એવું પણ ઠરાવ્યું છે કે "હક સાબીત કરવાને જે દસ્તાવેજની જરૂર હોય તે દસ્તાવેજ તેનાથી કપટથી સંતાડયો હતો" એ જે શબ્દો છે તેનો અર્થ એવો થાયછે કે વાદીની જાણુમાં ન આવે એવી રીતે તે દસ્તાવેજ છુપાવવામાં આવ્યો હશેજ અને આવી રીતે કપટથી દસ્તાવેજ સંતાડેલો તેથી તે દસ્તાવેજ હતો કે નહી તે વીશે તદન

અત્વયો હશેલો જરૂરી દસ્તાવેજ એટલે શું તે મંગામેરા વીરૂધ શીમંત રાવ્વ જી મદ્રા સ.હાઈકોર્ટ રીપોર્ટસ પા. ૨૨ ના કેસમાં સમજાવવા આવ્યું છે.

લખેલાં અંગીકરણનું પરીણામ. ૧૯. કોઈ માલમીલકત બાબત અથવા હક બાબત ફરીયાદ અથવા અરજી કરવાની મુદત કહી હોય તે મુદત પૂરી થયાની અગાઉ સદરહુ પ્રકારની માલમીલકત બાબતની અથવા હક બાબતની પાત્રતાનું અંગીકરણ લખેલું થાય ને તે માલમીલકત બાબત અથવા હક બાબત જે આસામી ઉપર દાવો હોય તે માણુસે અથવા જે માણસના સબંધથી તેને અધીકાર અથવા પાત્રતા પ્રાપ્ત થઇ હોય તે માણસે તે લેખ ઉપર સહી કરી હોય તો અસલની પાત્રતાના સ્વરૂપ પ્રમાણે નવી મુદત અંગીકરણના લેખ ઉપર જે વખતે સદરહુ પ્રમાણે થઇ તે વખતથી ગણવી.

અંગીકરણના લેખ ઉપર તારીખ ભરી ન હોય ત્યારે કઈ વખતે તે લેખ ઉપર સહી થઇ એ બાબત મ્હોડાની સાક્ષી લેવાનો અધીકાર છે. પણ તે લેખમાંના મજકુર બાબત મ્હોડાની સાક્ષી લેવી નહી.

ખુલાસો ૧.—અંગીકરણના લેખમાં માલમીલકતનો અથવા હકનો બરોબર પ્રકાર લખેલો નહી હોય અથવા અવેજ આપવાની અથવા સ્વાધીન કરવાની અથવા પુરો કરવાની અથવા ઉપયોગ કરવાની વખત હજુ આવી નથી એવું તેમાં લખ્યું હોય અથવા અવેજ આપવા બાબતનો અથવા સ્વાધીન કરવા બાબતનો અથવા પુરો કરવા બાબતનો અથવા ઉપભોગ કરવા દેવા બાબતનો નકાર તેમાં હોય અથવા કાંઈ રકમ મજરે લેવાનો દાવો તેમાં સામેલ કર્યો હોય અથવા માલમીલકત ઉપર અથવા હક ઉપર જે માણસનો અધીકાર હોય તે માણુસ શીવાય બીજા માણસના નામનો તે લેખ હોય તોય પણ તે અંગીકરણનો લેખ આ કલમનાં કારણ સારૂં પુરતો છે એમ સમજવું.

ખુલાસો. ૨—આ કલમમાંના "સહી કરી" આ શબ્દનો અરથ જાતે અથવા યોગ્ય રીતે અધીકાર આપેલા મૂખત્યાર મારફત સહી કરી એવો સમજવો.

ટીકા—સન ૧૮૭૧ નાં ૯ મા આકટની ૨૦ મી કલમમાં અને આ કલમમાં થોડોક ફેર છે.

૨૪ વી. રી. ૨૬૨ મે પાને હીરાલાલ હુવરજી વી. રાય ધનપતશીંગ બાહાદૂરના કામમાં ફેંસલો થયો છે તે જુઓ.

ખત લખી આપનારને લખતાં ન આવડતું હોય નીશાન પણ ન કરી શકતો હોય તો તેના કેહેવાથી ખત ઉપર જે ખત વસુલ ભરયું હોય તે આ કલમના અરથ પ્રમાણે લેખી કબુલાયત ગણાશે. ૭. મ. હા. રી. ૩૫૯

ફકી વીરૂધ ખોટેનો કેસ આ કલમને લાગું પડે છે. ઈંડીયન લો. રીપોર્ટસ. ૪ મુંબાઇ ૫૯૦ તેમાં પ્રતિવાદીએ વાદીને નીચે પ્રમાણે એક દસ્તાવેજ લખી આપ્યા હતો.

તમારાં ખેતર મારે નામે દાખલ કરવામાં આવ્યાં છે. જે દીવસથી તે તમારા કબજામાં આવ્યાં ત્યારથી મને તમારી તરફથી તેનો કર મળયો છે. હવે તમારા ઉપર મારો કંઇ પણ તે બાબત હક નથી. આ ખેતરોનાં પાક બદલ હવે આપણને એક બીજાને કાંઈ દેવું નથી.

તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવો દસ્તાવેજ એ એક આનાની સ્ટાંપ ઉપરનો પહોંચ તરીકે છે એમ ગણી પુરાવામાં દાખલ થવા યોગ્ય છે. પણ જો રજીસ્ટર કરાવ્યો હોય નહીં તો હકના પૂરાવા તરીકે તે દાખલ થઈ શકે નહીં.

મુદતના સામાન્ય વખતની અંદર અંગીકરણ કરવું જોઈએ, અને જો કોઇ ખાસ કાયદાથી કાંઈ મુકરર વખત બતાવ્યો હોય તો તે વખતની અંદર અંગીકરણ કરવું જોઇએ. આને માટે પારવતીનાથી વીરૂધ તેજોમોય તથા રામજી વિરુધ ધરમા, અનુક્રમે ઈડીયન લો રીપોર્ટ ૫ કલકત્તા ૭૦૭ અને ઇંડીયન લો રીપોર્ટસ ૫ મુંબાઇ ૮૯ ના ફેંસલા જુઓ. પાછલા ફેંસલામાં નીચે પ્રમાણે હકીકતો હતી. તે ફેંસલો જેકીશન બાપુજી વીરૂધ ભાવસાર બોધા જેહાને મળતો હતો કોઈ પણ ખાતું કોઇ દેવાદારે પોતે પાડી તેને મથાળે પોતાનું નામ લખ્યું હોય તો તે ખાતા ઉપર આ કલમની રૂએ બરોબર સહી કરવામાં આવી હતી એમ સમજવું. ઇંડયન લો. રીપોર્ટસ ૫ મુંબાઇ પા. ૮૯.

ઉપર કહેલા રામજી વીરૂધ ધરમાના કેસમાં નીચે પ્રમાણે હકીકતો હતી. કોઇ હીસાબ કરીને ખાતુ પાડી આપ્યું હોય તે પ્રથમનું વચન નવું થયું તે તરીકે અથવા તો એક નવો કરાર ઉત્પન્ન થયો એ રીતે તેની અસર થાય છે. જો મુદતનો વખત ગણવાને તેનાથી એક નવોજ વખત થઈ શકતો હોય તેને માટે એક અંગીકરણ દાખલ ગણવાનો હોય તો મુદતનો વખત પુરો થયા પ્રથમ તેના ઉપર સહી થએલી જોઈએ તથા તે લખીતવાર કરવુ જોઇએ.

જો તેથી એક દાવાનું નવુંજ કારણ ઉત્પન્ન થાય તેને માટે એક નવાજ કરારના પુરાવા તરીકે જો તે વાપરવાનો હોય તો તેમાં કરાર આકટની કલમ ૨૫ ની રકમ ૩ માં બતાવ્યા પ્રમાણે લખીતવાર અને બરોબર સહી કરેલું તેમાં વચન જોઇએ. હીસાબ કર્યાની ફકત ખાલી કેરીઅત અગર મંજુર કરવામાં આવે તો તે કાંઈ આવું વચન નથી.

વ્યાજ એવું સમજીને વ્યાજઆપ્યું હોય તેનું પરીણામ. ૨૦ કરજનું અથવા મૃત લેખારપીતદારનું વ્યાજ ઠરાવેલી મુદત પુરી થયા પેહેલાં તે કરજ અથવા મૃતલેખારપિતદાન આપવાને જે માણસ પાત્ર હોય તેણે અથવા આ બાબત યોગ્ય રીતે અધીકાર આપેલા મુખત્યારે વ્યાજ એવું સમજીને આપ્યું હોય ત્યારે.

મૂદલનો ભાગ આપ્યાનું પરીણામ. અથવા કરજના મુદલનો ભાગ ઠરાવેલી મુદત પુરી થયા પેહેલાં દેણદારે અથવા આ બાબત યોગ્ય રીતે અધીકાર આપેલા તેના મુખત્યારે આપ્યો હોય ત્યારે.

અવેજ આપ્યો તે વખતથી અસલથી પાત્રતાનાં સ્વરૂપ પ્રમાણે નવી મુદત ગણવી પણ એવું ઠરાવ્યું છે કે કરજના મુદલનો ભાગ આપ્યો હોય તે પ્રસંગે અવેજ આપ્યાની વાત અવેજ આપનારા માણસના ખુદના હાથના લેખ ઉપરથી દેખાઇઆવવી જોઈએ.

ગીરવી મુકેલી જમીનની ઉપજ પોહોચ્યાનું પરીણામ. ગીરવી મુકેલી જમીન ગીરવી રાખનારના કબજામાં હોય ત્યારે જમીનની ઉપર પોહોચી હોય તે આ કલમનાં કારણ સારૂ અવેજ આપ્યા પ્રમાણે સમજવી.

ટીકા—ખાતાની સામાન્ય બાકીને પેટે જો રકમો આપવામાં આવી હોયતો અને તેમાં એવું કાંઈ પણ દરશાવવામાં આવ્યું હોય નહીં કે તે વ્યાજને પેટે આપવામાં આવી છે તો તેમાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે તે વ્યાજને પેટે આપવામાં આવી નહોતી. આ ને માટે હનમંતલાલ વીરૂધ રંબાબાઇનો ફેંસલો જુઓ ઈંડીયન લો રીપોર્ટસ ૩ મુંબાઈ ૧૯૮ તેમાં નીચે પ્રણાણે હકીકતો હતી.

વાદી કે જે પ્રતીવાદીનો લેહેણદાર હતો તેને પ્રતીબાદીએ જુદે જુદે વખતે પોતાના ખાતાને માટે પઇશા આપ્યા હતા. પણ તેણે એવું કાંઇ જણાવ્યું નહોતું કે મારે જે દેવું છે તેને માટે જે વ્યાજ થાય તેને માટે મંજુર રકમ મજરે ગણવી.

તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે પ્રતીવાદીએ આપેલા પઇશા એ કાંઈ એવી રીતનો અવેજ નથી કે તે સને ૧૮૭૭ ના ૧૫ મા આકટ, મુદતના આકટની કલમ ૨૧ ની રકમ ૧ લી માં આવી શકે અને તેથી વાદીનો હક મુદતથી અટકેલે છે.

વાદીઓની સાથે હીસાબ નકી કર્યા કેડે પ્રતીવાદીઓને નામે વેચેલા માલની વસા-

રાની રકમ તથા હુંડી જમે કરવામાં આવી હોયતો તે આ કલમની અવેજ આપ્યો એમ ગણાશે નહીં. દારણજી વીરૂધ મગનીરામ ઈંડીયન લો રીપોર્ટસ ૬ મુંબાઈ ૧૦૩ નો કેસ જુઓ.

તેમજ કોઈ હુકમનામું બજાવતાં જે વેચાણ થયું હોય તેની ઉપજના પઈશા એ પણ આ કલમ પ્રમાણે થોડો અવેજ છે એમ સમજવું નહીં આને માટે રામચંદ્ર વીરૂધ દેવભાનો ઈંડીયન લો રીપોર્ટસ ૬ મુંબાઈ પા. ૬૨૬ નો ફેસલો જુઓ.

કેટલાએક સામાઇક કરાર કરનારા વિગેરે પઇકી એક આસામી હેઠળ લખેલા સબબ ઉપરથી પાંત્ર થતો નથી એટલે તેઓ પઇકી બીજા કોઇ આસામીએ અંગીકરણનો લેખ કર્યા ઉપરથી અથવા અવેજ આપ્યા ઉપરથી પાત્ર થતો નથી.

૨૧. કેટલાએક સામાઇક કરાર કરનારાઓ પૈકી અથવા ભાગીઆઓ પૈકી અથવા મૃત્યુપત્ર ચલાવનારાઓ પઇકી અથવા ગીરવી રાખનારાઓ પઈકી એક આસામી હેઠળ લખેલા સબબથી, ૧૯ મી તથા ૨૦ મી કલમના કોઈ ઠરાવ ઉપરથી પાત્ર થાય છે એમ સમજવું નહીં એટલે તેઓ પઇકી બીજા કોઇ એક અથવા અધિકે અથવા તેઓ પઇકી બીજા કોઇ એકના અથવા અધિકના મુખત્યારે સહી કરેલાં અંગીકરણના લેખ ઉપરથી માત્ર અથવા આપેલા અવેજ ઉપરથીજ માત્ર પાત્ર થાય છે એમ સમજવું નહીં.

વાદી અથવા પ્રતીવાદી બદલીને નવો દાખલ કર્યો અથવા નવા વાદીને અથવા પ્રતીવાદીને વળી સામેલ કર્યો હોય તો તેનું પરીણામ.

૨૨. ફરીયાદ કર્યા પછી વાદી અથવા પ્રતીવાદી બદલીને નવો દાખલ કરવો હોય અથવા કોઇ વાદીને અથવા પ્રતીવાદીને વળી સામેલ કર્યો હોય ત્યારે તેને જે વખતે સદરહુ પ્રમાણે પક્ષકાર કર્યો તે વખતેથી તે ફરીયાદ તેની બાબત થઇ એવું સમજવું

અસલનો વાદી મરી જાય તે પ્રસંગ બાબત વીશેષ ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે કોઈ વાદી મરી જાય અને તેનો કાયદાસર વારસવકીલ ફરીયાદ આગળ ચલાવે ત્યારે તે ફરીયાદ મરનાર વાદીએ જે વખતે કરી તે વખતથી તે શરૂ થઇ એવું તે વારસવકીલની બાબત સમજવું.

અસલનો પ્રતીવાદી મરી જાય તે પ્રસંગ બાબત વીશેષ ઠરાવ.

વળી એવું ઠરાવ્યું કે પ્રતીવાદી મરી જાય તથા તેના કાયદાસર વારસવકીલ ઉપર ફરીયાદ ચલાવવામાં આવે ત્યારે તે ફરીયાદ મરનાર પ્રતીવાદીની ઉપર જે વખતે કરી તેજ વખતે તે શરૂ થઇ એવું તે વારસવકીલ બાબત સમજવું.

ટીકા—કોઈ મરનાર સખશના પક્ષકારો પ્રતીનીધી છે એવું ધારીને તેમના ઉપર ફરીયાદ અરજી દાખલ કરી હોય અને મુદત વીતી ગયા કેડે ખરા પ્રતીનીધીઓને દાખલ કર્યા હોય તો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે દાવો મુદતથી અટકાયો છે કાનજી વીરૂધ બરજોરજી ૧૦ મુંબાઇ હાઈકોરટ રીપોર્ટ ૨૨૪

આ કલમ દાવામાં જે નવા વાદીઓ તથા પ્રતીવાદીઓ વધાર્યા હોય અગર જેમને દાખલ કર્યા હોય તેમને લાગુ પડેછે અને અપીલની મુદત ગયા પછી એપેલેટ કોરટે જે નવા રીસ્પોન્ડેંટોને વધાર્યા હોય અગર દાખલ કર્યા હોય તેમને લાગુ પડતી નથી. કોરટ ઓફ વાર્ડસ વીરૂધ ગયા પ્રસાદ ઈંડીયન લો રીપોર્ટસ ૨ અલાહાબાદ ૧૦૭

વાદીને પોતાની તરફથી નહીં પણ એટોરની તરીકે દાવો કરવાને ફરીયાદ અરજી સુધારવાં આપી હોયતો તે એક નવા વાદીને દાખલ કર્યોછે એમ નથી કે જેથી કરીને દાવાને અડચણ આવે. ગણુપત પાંડુરંગ વીરૂધ આદરજી દાદાભાઈ ઈંડીયન લો રીપોર્ટસ ૩ મુંબાઈ ૩૧૨

કરાર તોડવો તથા નુકશાન કરવું એ સતત ચાલુ રહે તે બાબત.

૨૩. કરાર તોડવાનું કૃત્ય સતત ચાલુ હોય તે પ્રસગે અથવા કરાર ઉપર અવલંબીત હોયા વગર નુકશાન કરવાનું કૃત્ય સતત ચાલું હોય તે પ્રસંગે જે મુદતમાં કરાર તોડવાનું કૃત્ય અથવા નુકશાન કરવાનું કૃત્ય (પ્રસંગ પ્રમાણે જેમ હોય તેમ) ચાલું હોય તે મુદતનાં દરએક ક્ષણે (ફરીયાદ કરવાની) નવી મુદત સરૂ થાય છે.

ટીકા—૨૪ વી. રી. પા. ૨૦ રઘુનાથદાસ હુકમાન વી. રાણી શીરોમણીપાત મહાદેવીના કામમાં એમ ઠરાવ્યું કે હપ્તા આપવાની શરતે કબુલતથી થયેલું હુકમનામું હોય તેને આ કલમ લાગુ પડેછે અને એક પણ હપ્તો ભરવામાં કસુર થાય તો બધું લેહેણું આપવા જોગ થશે. બજાવણીમાં વેચાણ થવાથી જે રકમ ઉપજી હોય તે ૨૦ મી કલમ પ્રમાણે નવી મુદત ગણવા સારૂં અંશત: વસુલ આપ્યું ગણાય નહી.

પાણીના વેહેળા અને ગટરને હરકત કરવી એ સતત નુકશાન છે અને દાવાનું કારણ દીવસે દીવશે ઉત્પન્ન થાયછે. આને માટે કુંજા કુંવરજી વીરૂધ બાઈ કુંવરનો કેસ જુઓ. ઈંડીયન લો રીપોર્ટસ ૯ મુંબાઈ ૨૦ તેમાં નીચે પ્રમાણે હકીકતો હતી.

ઘણાજ લાંબા વખતથી અને બેશક પ્રતીવાદીએ હરકત કરી તે પહેલાં વીસ વરસથી પણ વધારે વખતથી પ્રતીવાદીની જમીનમાં એક ગટર હતી તેમાંથી પોતાની જમીનનું વરસાદનું પાણી કહાડવાનો વાદી હક ભોગવતો હતો. હરકત કર્યાની તારીખ પછી બે વરસ થઇ ગયા કેડે તે હરકત દુર કરવાને પ્રતીવાદીઓ ઉપર વાદી એ દાવો કર્યો.

તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે આવી હકીકતો હોવાથી મુદતના કાયદાની કલમ ૨૬ ની રૂએ પોતાને હક મળ્યોછે એવું વાદી સાબીત કરીશક્યો નથી તોપણ વાદીને ઘણા લાંબા વખતથી તેનો ઉપભોગ મળેલોછે તેથીતેને આકાયદાની (મુદતના) મદદની, જરૂર નથી અને જે હરકત વીશે ફરીયાદ કરવામાં આવીછે તેહરકત સતત અપકારક કૃત્યછે તેથી તેને માટે દાવાનું કારણ જે જે દીવસે તે હરકત કરવામાં આવી હોય ત્યાંથી ઉત્પંન થાયછે તેથી કરીને વાદીને આ કાયદાના કોઈ પણ ઠરાવથી અડચણ આવતી નથી પણ ઉલટી રિતે જોઇએ તો મુદતના અક્ટની કલમ ૨૩ના સ્પષ્ટ ઠરાવોથી તે બચી જાયછે.

વીશેષ નુકશાન થયા વગર ફરીયાદ કરી શકાતી નથી એવા કૃત્ય બાબત નુકશાનનો બદલો મળવા વીશેની ફરીયાદ

૨૪. ફલાણા કૃત્યથી વિશેષ નુકશાન વાસ્તવિક થયા વગર તે કૃત્યથી ફરીયાદીનું કારણ ઉત્પન્ન થતું નથી એવાં કૃત્ય બાબત નુકશાનનો બદલો મળવા વીશેની ફરીયાદ હોય તે પ્રસંગે જે વખતે નુકશાન થયું હોય તે વખતથી મુદત ગણવી.

દ્રષ્ટાંતો.

(અ) અ. એક ખેતરની ઉપલી સપાટીનો ધણીછે. બ. એ ખેતરની જમીનનાં નીચલા પડનો ધણીછે. બ. ખેતરની સપાટીને પ્રત્યક્ષ દેખાતું નુકશાન કરયા વગર તે જમીનમાંથી કોલસા ખોદી કહાડેછે. પણ છેવટે સરવાળે સપાટી નીચે બેશી જાયછે. અ. એ બ,

ઉપર કરેલી ફરીયાદીને પ્રસંગે સપાટી નીચે બેશી ગયાની તારીખથી મુદત સરૂ થાયછે.

(બ.) જે નીંદાના શબ્દોથી વિસેશ-નુકશાની થયા વગર તે શબ્દો ઉપરથીજ ફરીયાદ કરવાનો અધિકાર નથી એવા શબ્દ અ બ વિશે કેહેછે તથા પ્રસિદ્ધ કરેછે તેથી ક બ ને પોતાના કારકુન દાખલ રાખવાની નાકેહેછે. નીંદા બાબત નુકશાનનો બદલો મળવાસારૂ બ એ અ ઉપર ફરિયાદ કરવાની મુદત સદરહુ પ્રમાણે ના કેહેવામાં આવે ત્યાં સુધી ચાલુ થતી નથી.

દસ્તાવેજમાંલખેલો વખત ગણવો. — ૨૫. આ આકટનાં કારણ સારૂ સઘળા દસ્તાવેજ ગ્રિગોરિયન ક્યાલેંડરના કાલમાન પ્રમાણે કર્યા છે એમ સમજવું.

દ્રસ્ટાંતો.

[અ] એક હીંદુ ફકત મીતી નાખીને ચાર મહીને આવેજ આપીશ એવી વાયદાચીઠી લખી આપેછે, તે ચીઠી ઉપરથી ફરીયાદ કરવાની મુદત તે મીતીથી ગ્રિગોરીયન ક્યાલેંડરના કાલમાન પ્રમાણે ગણેલા ચાર મહીના પુરા થાય તે વખતથી સરૂ થાય છે.

(બ) એક હીંદુ ફકત મીતી નાખીને એક વરસમાં નાણું પાછું આપીશ એવું બાંડ લખી આપે છે. તે બાંડ ઉપરથી ફરીયાદ કરવાની મુદત તે મીતીથી ગ્રિગોરીયન ક્યાલેંડરના કાલમાન પ્રમાણે ગણેલું એક વરસ પુરૂ થાય તે વખતથી સરૂ થાય છે.

ટીકા—જો કોઈ ખત ઉપર ફકત દેશી તારીખ હોયતો અને તેના પઈશા અમુક વખત કેડે આપવાના હોયતો તેમાં જે વખત મહીનાથી અગર વરસથી બતાવવામાં આવ્યો હોયતો પણ તે વખત ઈંગ્રેજી પચાંગ રીતે ગણવો જોઇએ. નીલકંઠ વીરૂધ દત્તાત્રીય ઈંડીયન લો રીપોર્ટસ ૩ મુંબાઈ ૧૦૩

જ્યારે કોઇ ખતમાં દેશી તારીખ નોંધવામાં આવી હોય અને અમુક વખત જેમકે એક મહીનો, ગણવાનો હોયતો તે ઈંગ્રેજી પચાંગ રીતે ગણવો જોઇએ. રંગોબાજી વીરૂધ બાબાજી ઇંડીયન લો રીપોર્ટસ ૫ મુંબાઈ પા. ૮૩

ભાગ ૪ થો.

કબજા ઉપરથી ધણીપણું પ્રાપ્ત થવું.

ઈઝમેંટ બાબતનો હક પ્રાપ્ત થવો. — ૨૬. કોઇ ઈમારતમાં તથા ઇમારતને સારૂ અજવાળુ અથવા હવા આવવી તથા તેનો ઉપયોગ થવો આ વાતનો ઉપભોગ ઇઝમેંટ તરીકે તથા હકથી ખાંડા પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે ઇમારત સાથે કર્યો હોય ત્યારે.

અને હરકોઇ મારગના અથવા પાણીના પાટના અથવા કોઈ પાણી વાપરવાના અથવા બીજા કોઇ ઇઝમેંટના (તે વીધીપક્ષે હોય કે નીશેધ પક્ષે હોય) ઉપભોગ બાબતનો દાવો કરવાના કોઈ માણસે ઇઝમેંટ તરીકે તથા હકમાં ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે તથા ઉઘાડી રીતે કર્યો હોય ત્યારે.

સદરહુ પ્રમાણે અજવાળુ અથવા હવા આવવી તથા તેનો ઉપયોગ થવો એ બાબતનો હક અથવા સદરહુ પ્રકારના મારગનો અથવા પાણીના પાટનો અથવા પાણી વાપરવાનો અથવા બીજા ઈઝમેંટનો હક અનીરબંધ તથા અપરીહાર્ય થશે.

ઉપર વીસ વીસ વરસની મુદતો કહી જે તેમાંની દરેક મુદત જે દાવાને તે મુદત લાગુ હસે તે દાવા બાબતની જે ફરીયાદમાં તકરાર હશે તે ફરીયાદ કર્યાની અગાઉના બે વરસની અંદર પુરી થનારી મુદત છે એમ સમજવું.

ખુલાસો.—દાવો કરનાર શીવાય બીજા કોઇ માણસનાં કૃત્યથી હરકત થઇ હોય તેથી કબજે આવવા ઉપભોગ ખરેખાત બંધ પડયા વગર અને તે હરકત બાબતની તથા

તે હરકત કરનારાં અથવા કરવાનું કેહેનારાં માણુસ બાબતની ખબર દાવો કરનારને પડયા પછી એક વરસ સુધી તે હરકત ખમ્યા વગર અથવા કબુલ કર્યા વગર આ કલમના અરથ પ્રમાણે ખાંડો છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) મારગના હકને હરકત કર્યા બાબત સન ૧૮૮૧ ના વરસમાં ફરીયાદ થઈછે. પ્રતીવાદી હરકત કબુલ કરેછે. પણ મારગનો હક કબુલ કરતો નથી. વાદી એવું સાબેત કરેછે કે, ઈઝમેંટ તરીકે તથા હકથી તે હક બાબતના અધીકારનો દાવો કરીને તે હકના ઉપભોગ, સન ૧૮૬૦ ના જાન્યુવારી મહીનાની ૧ લી તારીખથી સન ૧૮૮૦ ના જાન્યુંવારી મહીનાની ૧ લી તારીખ સુધી ખાંડો પડયા વગર બીન હરકતે તથા ઉગાડી રીતે કર્યોછે ત્યારે વાદીને (પોતાની તરફનું) હુકમનામું મળવાનો હક છે.

(બ) સન ૧૮૮૧ ના વરસમાં તેવી એક ફરીયાદ થઈ તે ફરીયાદનાં સન ૧૮૫૮ ની સાલથી સન ૧૮૭૮ ની સાલ સુધી મેં સદરહુ રીતે હકનો ઉપભોગ કર્યો એટલુંજ માલ વાદી સાબીત કરે છે. આ ફરીયાદ કહાડી નાખવી. કારણ કે ખરે ખરો ઉપભોગ કરીને તે હક તે ફરીયાદ કર્યા અગાઉ બે વરસ અંદર ચલાવવાની વાત સાબેત થઈ નથી.

(ક) તેવીજ એક ફરીયાદમાં વાદી સાબેત કરે છે કે તે હકનો મેં વીસ વરસ સુધી વગર હરકતે તથા ઉગાડી રીતે ઉપભોગ કર્યો છે, અને પ્રતીવાદી એવું સાબીત કરેછે કે તે હકનો ઉપભોગ કરવા સારૂં વાદીએ વીસ વરસની અંદર એક પ્રસંગે મહારી પરવાનગી માગી હતી તો તે ફરીયાદ કહાડી નાંખવી.

ટીકાઃ—સન ૧૮૭૧ નો ૯ મો આકટ પસાર થયો ત્યાર પહેલાં મુંબાઈ દવીપમાંની સ્થાવર મીલકત ઉપર લાંબા ભોગવટાના હકથી ઈઝમેંટ પ્રાપ્ત કરવા સારૂ વીસ વરસનો તુટયા વગરનો કબજો વાદીએ સાબીત કરવો જોઈએ. ૮. મું. હા. કો. રી. ૯૯.

ઘણા પ્રાચીન ઉપભાગની પુષ્ટી હોય તો પણ બીજાને હરકત કરવાને પ્રાસ્ક્રીપ્ટીવ હક થઈ શકતો નથી ૨ વી. રી. ૨૩૭. "હકથી" એ શબ્દો ઉપભોગની સાથે વીશેષણ તરીકે વાપર્યો છે તેનો અરથ એવો નથી કે બીજાના હકનું ઉલંઘન થયા વગર ઉપભોગ થવો જોઈએ; પણ પોતાનો હક છે એમ કહી ઉપભોગ કર્યો હોય તેવો છે, ૨૩ વી રી ૫૨.

ટીકાઃ—ઇઝમેંની માટે પુંજા કુવરજી વીરૂધ બાઈ કુવરનો કેસ જુઓ. ઈંડીયન લો રીપોર્ટસ ૬ મુંબાઈ ૨૦ તેમાં એમ હતુ કે ગણાજ લાંબા વખતથી અને એશક પ્રતીવાદીએ હરકત કરી તે પેહેલાં વીસ વરસથી પણ વધારે વખતથી પ્રતીવાદીની જમીનમાં એક ગટર હતી તેમાંથી પોતાની જમીનનું વરસાદનું પાણી કહાડવાનો વાદી હક ભોગવતો હતો, હરકત કર્યાની તારીખ પછી બે વરસ થઈ ગયા કેડે તે હરકત દૂર કરવાને પ્રતીવાદીઓ ઉપર વાદીએ દાવો કર્યો.

તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે આવી હકીકતો હોવાથી મુદતના કાયદાની કલમ ૨૬ ની રુએ તેને ઈઝમેન્ટનો હક મળ્યોછે એવું વાદી સાબેત કરી શકયો નથી તો પણ વાદીને ઘણા લાંબા વખતથી તેનો ઉપભોગ મળેલો છે તેથી તેને આ મુદતના કાયદાની મદદની જરૂર નથી અને જે હરકત વીશે ફરીયાદ કરવામાં આવીછે તે હરકત સતત આપકાર કૃત્ય છે તેથી તેને માટે દાવાનું કારણ જેજે દીવશે તે હરકત કરવામાં આવી હોય ત્યારથી ઉત્પન્ન થાયછે તેથી કરીને વાદીને આ કાયદાના કોઈ પણ ઠરાવથી અડચણ આવતી નથી પણ ઉલટી રીતે જોઈએ તો મૂદત આકટની કલમ ૨૩ ના સ્પષ્ટ ઠરાવોથી તે બચી જાયછે.

સર્વેંએંટ ટેનેમેંટ ૨૭. પણ અવું ઠરાવ્યું છે કે કોઈ ઇઝમેંટ જે જમીન ઉપર ટના રીવરસનરની અથવા પાણી ઉપર અથવા જે જમીનમાંથી અથવા પાણીમાંથી ભોગ તરફમાં બાદ ક વાતું હોય અથવા મળતું હોય તે જમીન અથવા પાણી હયાતી સુધી

રવું ના હક સંબંધ ઉપરથી અથવા હક સંબંધ આપ્યા પછીની તારીખથી ત્રણ વરસ કરતાં વધતી મુદતના હક સંબંધ ઉપરથી ધારણ કરેલું હોય ત્યારે સદરહુ પ્રકારનો હક સંબંધ અથવા મુદત ચાલુ હોય ત્યારે જેટલા વખત સુધી સદરહુ પ્રકારનાં ઈઝમેંટનો ઉપભોગ થયો હોય તેટલો વખત ઉપર છેલી કહેલી વીસ વરસ થયા પછી તે જમીન ઉપર અથવા પાણી ઉપર જે માણસનો અધીકાર હોય તે માણસે તે હક સંબંધ અથવા મુદત પુરી થયા પછી ત્રણ વરસમાં તે જમીનના અથવા પાણીના દાવા બાબત તકરાર કરી હોય તો બાદ કરવો.

દ્રષ્ટાંત.

(અ) ની જમીનમાંથી જવાનો મને હક છે એવું સાપીત થવા બાબત અ ફરીયાદ કરે છે. મે પચીસ વરષ સુધી તે હક ભોગવ્યો છે એવું અ સાબેત કરે છે. પણ તે પચીસ વરસ માંહેના દસ વરસ સુધી ક નામની એક હીંદુ વીધવાનો તે જમીન ઉપર હયાતી લગી હક સંબંધ હતો અને ક મરણ પાંમ્યા પછી બ નો તે જમીન ઉપર હક પ્રાપ્ત થયો અને ક મરણ પાંમ્યા પછી બે વરસની અંદર અ ના તે હક સંબંધના દાવા બાબત મેં તકરાર કરી એવું બ સાબેત કરેછે. ત્યારે ફરીયાદ કહાડી નાખવી જોઇએ. કારણ આ કલમના ઠરાવ પ્રમાણે અ એ ૧૫ વરસ સુધીજ ઉપભોગ કર્યાની વાત સાબેત કરી છે.

માલ મીલકત ઉપરનો હકનહીં સરખો થવો. ૨૮. કોઇ માલ મીલકતનો કબજો લેવા સારૂ કોઇ માણસને ફરીયાદ કરવી હોય તેની મુદત આ આકટ ઉપરથી ઠરાવી છે તે મુદત પૂરી થયા પછી તે માલ મીલકત ઉપરનો તેનો હક નહી સરખો થઇ જાય છે એવું સમજવું.

ટીકાઃ—બાર વરસ અગર તેથી વધારે મુદત સુધીને માટે જોકાંઈ ટીનન્સી સાબીત થઈ હોય અગર કબુલ કરવામાં આવી હોયતો ટીનેન્ટે એટલે ભાડુઆતે ભાડુ આપ્યું નથી એ વાતથી ભાડુઆતને જમીતનો હક મળતો નથી ભાડુ આપવામાં કસુર કરેલી એક ફરી ફરી ઉત્પન્ન થતું દાવાનું કારણ છે અને તેથી કરીને જો ભાડુ લેવાનો હક સાબીત થયો હોયતો મુદત બાબત કાંઇ પણ સવાલ ઉત્પન્ન થતો નથી, પોરેશ વીરૂધ કાશી ઇંડીયન લૉ રીપોર્ટસ ૪ કલકત્તા ૬૬૧. રંગોલાલ વીરુધ અબદુલ ઇંડીયન લૉ રીપોર્ટસ ૪ કલકત્તા ૩૧૪. પ્રેમસુખ વીરૂધ ભુલીયા. ઈંડીયન લૉ. રીપાર્ટસ ૨ અલાહાબાદ ૫૧૭.

પહેલું પરીશી.

આકટનો નંબર અને સાલ.	મથાળું.	કેટલો રદ કરયો.
સન ૧૮૬૫ નો ૧૦ મો.	હીંદુસ્તાનના વારસાનો આકટ.	૩૨૧ મી કલમના "વસિયતનામું કરનારો મરી ગયાની તારીખથી બે વરસ અંદર અથવા વસિયતનામામાં લખેલું દાન મળ્યાની તારીખથી એક વરસની અંદર આ શબ્દો.
સન ૧૮૭૧ નો ૯ મો.	સન ૧૮૭૧નો હીંદુસ્તાનનો મુદત બાબતનો આકટ.	સઘળો.
સન ૧૮૭૭ નો ૧૦ મો.	દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતનો કાયદો.	૬૦૧ લી કલમમાંના " હુકમથી તારીખથી ત્રીસ દિવાની મુદતમાં " આ શબ્દો.

બીજુ પરીશીષ્ટ.

૪ થી કલમ જુઓ.

પહેલો ભાગ ફરીયાદો.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૧ લો. ત્રીસ દિવસ.	
૧. પડતર જમીન ઉપરના દાવાનો નિકાલ કરવા બાબત નિયમ ઠરાવવા બાબત સન ૧૮૬૩ નો ૨૩ મો આકટ છે તે આકટ પ્રમાણે રેવેન્યુ બોરડે કરેલા નિવાડા બાબત તકરાર કરવા સારૂ.	ત્રીસ દિવસ.	નિવાડાની નોટીસ વાદીને આપવામાં આવે છે ત્યારે.
	વિભાગ ૨ જો નેવું દિવસ.	
૨. બ્રિટિશ ઇંડીયામાં જે વખતે જે કોઇ આકટ ચાલુ હોય તે આકટ પ્રમાણે ફલાણું કૃત્ય છે એમ કેહેતા હોય તે કૃત્ય કર્યા બદલ અથવા કરવાની કસુર કરવા બદલ નુકશાનનો બદલો મળવા સારૂ.	નેવું દિવસ.	કૃત્ય બને અથવા કરવાની કસુર કરવામાં આવે ત્યારે.
	વિભાગ ૩ જો, છ મહીના.	
૩. સન ૧૮૭૭ ના વિશેષ ન્યાયના આકટની ૯ મી કલમ પ્રમાણે સ્થાવર મિલકતનો કબજો પાછો લેવા બાબત.	છ મહીના.	કબજો કાહાડવાની વાત બને ત્યારે ૨૪ વી. રી. ૪૩૫ જુઓ.
૪. લોહોડાંની સડકનાં કામ તથા બીજાં સારવજનીક કામ કરનારા અને તેઓને કામે રાખનારાની વચે કેટલીએક તકરારો પડે તેઓનો વેહેલો નિકાલ થવા સારૂ ઠરાવ કરવા બાબત સન ૧૮૬૦ નો ૯ મો આકટ છે તે આકટની ૧ લી કલમ પ્રમાણે.	એજન. વિભાગ ૩ જો. છ મહીના.	જે પગાર બાબત અથવા ભાડાં બાબત અથવા જે કામ કીધું હોય તેની કીંમત બાબત દાવો હોય તે પગાર અથવા ભાડું અથવા કીંમત આપવાની થાય ત્યારે.
૫. વેચાય એવા લેખ ઉપરથી સંક્ષિપ્ત કામ ચલાવવાની રીત વીશેનો દિવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાનો ૩૯ મો બાબ છે તે બાબ પ્રમાણે.	છ મહીના.	જે દસ્તાવેજ ઉપરથી ફરીયાદ કરવાની હોય તે દસ્તાવેજની મુદત ભરાઇને તેનો અવેજ આપવાનો થાય ત્યારે.
	વિભાગ ૪ થો એક વરસ.	
૬. દંડ બાબત અથવા ગુન્હેગારી બાબત કોઇ સ્ટાટયુટ પ્રમાણે અથવા આકટ પ્રમાણે અથવા કાયદા પ્રમાણે અથવા પેટાની કાનુન પ્રમાણે.	એક વરસ.	દંડનો અથવા ગુન્હેગારીનો પેચ આવે ત્યારે.
૭. ઘરના ચાકરના અથવા કારીગરના અથવા મજુરના પગાર બાબત; જે વિશે આ પરિશિષ્ટના ૪ થા નંબરમાં ઠરાવ કરેલો નહી હોય.	એજન.	પગાર જ્યારે દેવો થાય ત્યારે. ૮ મ. હા. રી. ૮૭ અને ૬ વી. રી. ૩૩ જુઓ.
૮. હોટેલના અથવા ટાવરનના અથવા બોર્ડિંગ હાઉસના કીપરે ખાવા પીવાની જનસો વેચી હોય તેની કીંમત બાબત.	એજન.	ખાવાની અથવા પીવાની જનસ આપવામાં આવે ત્યારે.
૯. રેલ્વેનાં ભાડાં બાબત.	એજન.	કીંમત આપવાની થાય ત્યારે.

ફરીઆદીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૧૦. અગ્રક્રયાધિકાર (એટલેબીજાના કરતાં પેહેલાં ખરીદ કરવાનો અધિકાર) અમલમાં લાવવ બાબત. પછી તે અધિકાર કાયદા ઉપરથી હોય અથવા લોક રૂઢી ઉપરથી હોય અથવા વિશેષ કરાર ઉપરથી હોય.	એજન.	જે વેચાણ રદ કરવાનો દાવો હોય તે વેચાણ ઉપરથી ખરીદદાર વેચેલી સઘળી માલ મિલકત સ્થુલ પદાર્થ રૂપ કબજે લે ત્યારે અથવા વેચાણનો વિષય સ્થુલ પદાર્થ રૂપ કબજે લેવા જેવો ન હોય તો વેચાણનો દસ્તાવેજ નોંધવામાં આવે ત્યારે ઇ. લો. રી. ૨ અલાહાબાદ ૩૧૧ જુઓ.
૧૧. જે માણસ વિરૂદ્ધ, દિવાની ઇનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૨૮૦ મી અથવા ૨૮૧ મી અથવા ૨૮૨ મી અથવા ૩૩૫ મી કલમ પ્રમાણે હુકમ થયો હોય તેણે હુકમ માંહેની માલ મિલકત ઉપર પોતાનો હક સાબેત કરવા સારૂ કરવાની.	એજન.	હુકમની તારીખ.
૧૨. હેઠળ લખેલાં વેચાણ પઈકી કોઈ વેચાણ રદ કરવા બાબત. (અ) દિવાની કોરટનું હુકમનામું બજાવવા સારૂ કરેલું વેચાણ. (બ) કલેક્ટરનાં અથવા બીજા રેવેન્યુ આફીસરનાં હુકમનામા પ્રમાણે અથવા હુકમ પ્રમાણે કરેલું વેચાણ. (ક) સરકારી મેહેસુલની ચઢેલી બાકી બાબત અથવા સદરહુ પ્રકારની ચઢેલી બાકી પ્રમાણે વસુલ કરવા જોગ કાંઈ માગણી બાબત કરેલું વેચાણ. (ડ) ભાડાની ચાલુ બાકી બાબત પટણી તાલુકનું કરેલું વેચાણ. **ખુલાસો.**-આ રકમમાંના "પટણી" શબ્દમાં ભાડાની ચાલુ બાકી બાબત વેચવાને પાત્ર હોય તેવા કોઇ દરમિયાનના સત્તા પ્રકારનો સમાસ થાય છે.	એજન.	વેચાણ કાયમ કરવામાં આવે ત્યારે, અથવા એવી ફરીઆદ થઇ ન હોત તો તે વેચાણ બીજી રીતે આખરનું તથા નિશ્ચયકારક થાત ત્યારે. ૧૧ મું. હા. રી. ૨ કલકત્તા, ૯૮ ૨૪ વી. રી. ૮૪.
૧૩. ફરિયાદ શિવાય બીજા કાંઇ ચલાવેલાં કામમાંનો દિવાની કોરટનો ફેસલો અથવા હુકમ ફેરવવા બાબત અથવા રદ કરવા બાબત.	એજન.	પ્રકરણમાં આખરનો ઠરાવ કરવાનો અધીકાર હોય તેવી કોરટે કરેલા આખરના ફેસલાની અથવા હુકમની તારીખ.
	વિભાગ ૪ થો. એક વરસ.	
૧૪. સરકારી અમલદારે પોતાના હુદ્દાના સબબથી કાંઇ કૃત્ય અથવા હુકમ કર્યો હોય તથા જે બાબત આ આક્ટમાં ખસુસ બીજી	એકવરસ.	તે કૃત્યની અથવા હુકમની તારીખ.

ફરીઆદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
રીતનો ઠરાવ કરેલો નહી હોય તે ફેસલ અથવા હુકમ રદ કરવા બાબત.		
૧૫. સરકારી મેહેસુલની ચઢેલી બાકી બાબત રેવન્યુ અધિકારીએ કાંઇ સ્થાવર મીલકતની જપ્તી કરી હશે અથવા તેનો પટો આપ્યો હશે અથવા બીજાને કરી આપી હશે તે જપ્તી અથવા પટો અથવા બીજાનો કરી આપેલું રદ કરવા બાબત સરકાર ઉપર કરવાની.	એજન.	જપ્તી અથવા પટો અથવા બીજાને કરી આપવું એ કરવામાં આવે ત્યારે.
૧૬. મેહેસુલની ચઢેલી બાકી બાબત અથવા મેહેસુલની ચઢેલી બાકી પ્રમાણે વસુલ થઈ શકે તેવા લેણા બાબત રેવન્યું અધિકારીએ કરેલા દાવાનો નિકાલ કરવા સારૂ તકરાર કરીને પઇશા આપ્યા હોય તે પાછા લેવા બાબત સરકાર ઉપર કરવાની.	એજન.	નાણું ભરવામાં આવે ત્યારે
૧૭. સારવજનિક કામ સારૂ જમીન લીધી હોય તેનો બદલો મળવા સારૂ સરકાર ઉપર કરવાની.	એજન.	બદલાની રકમ ઠરાવ્યાની તારીખ.
૧૮. જમીન લેવાનું કામ પુરુ થયું નહીં હોય ત્યારે બદલા બાબત તેવીજ ફરીયાદ.	એજન.	પુરૂં કરવાની ના કહ્યાની તારીખ.
૧૯. ખોટી રીતે કેદ કરયા બાબતનો બદલો મળવા બાબતની.	એજન.	કેદ પૂરી થાય ત્યારે.
૨૦. કેટલીએક અપકૃતી બાબત એક્કિસક્યુટર (મૃત્યુપત્ર ચલાવનાર) અથવા આડમિનિસ્ટરેટર (મઇયતના ઇસ્ટેટનો વહીવટદાર) અથવા રેપ્રેઝનેટટિવ (વારસ વકીલ) ફરિયાદ કરી શકે, તથા તેઓની ઉપર ફરીયાદ થઇ શકે એવો બંદોબસ્ત કરવા બાબત સન ૧૮૫૫ નો ૧૩ મો આકટ છે તે આકટ પ્રમાણે એક્કિસક્યુટરોએ અથવા આડમીનીસ્ટરેટરોએ અથવા વારસ વકીલોએ કરવાની.	એજન.	જે માણસનું નુકશાન થયું હોય તેના મરણની તારીખ.
૨૧. ફરીયાદ કરવા લાયક અપકૃતીનાં કારણથી કોઇ માણુસ મરણ પામ્યાને લીધેં થએલાં નુકશાનનો બદલો કુટંબને અપાવવા બાબત સન ૧૮૫૫ નો ૧૩ મો આકટ છે તે આકટ પ્રમાણે એક્કિસક્યુટરોએ અથવા આડમીનિસ્ટરેટરોએ અથવા વારસ વકીલોએ કરવાની.	એજન.	મરણ પામેલાં માણસનાં મરણની તારીખ.
૨૨. શરીરને થયલા બીજા કાંઈ નુકશાન બાબતનો બદલો મળવા સારૂ.	એજન.	નુકશાન કરવામાં આવે ત્યારે.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૨૩. અદાવતથી ફોજદારીમાં કામ ચલાવ્યું હોય તે બાબતનાં નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન.	વાદી બીન તકશીરછે એવો ઠરાવ થાય ત્યારે અથવા ફરીયાદીનો બીજી રીતે છેડો આવે ત્યારે.
૨૪. લાયબલ બાબત (આબરૂ લેનારો મજકુર પ્રસિદ્ધ કરયા બાબત) નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન.	લાઇબલ પ્રસીદ્ધ કરવામાં આવે ત્યારે.
૨૫. આબરૂ લેનારો મજકુર બોલ્યા બાબત.	એજન. વિભાગ ૪ થો એક વરસ.	તે શબ્દ બોલવામાં આવે ત્યારે અથવા શબ્દો ઉપરથીજ ફરીયાદ કરવાનો અધીકાર ન હોય તો જે વીશેષ નુંકશાન બાબત ફરીયાદ હોય તે નુકશાન થાય ત્યારે.
૨૬. વાદીના ચાકરને અથવા છોકરીને પીટવ્યાથી ચાકરીને નુંકશાન થયા બાબતનો બદલો મળવા સારૂ.	એક વરસ.	નુકશાન થાય ત્યારે.
૨૭. વાદીની સાથે કરેલો કરાર તોડવાને કોઇ માણસને પ્રવૃત્ત કરવા બાબત બદલો મળવા સારૂ.	એજન.	કરાર તોડયાની તારીખ.
૨૮. કાયદા વિરૂધ અથવા ગેર રીતની અથવા વધારે જંગમ માલની જપ્તી કરયા બાબતનો બદલો મળવા સારૂ.	એજન.	જપ્તીની તારીખ.
૨૯. કાયદાસર પ્રોસેસ ઉપરથી જંગમ માલ ગેરવ્યાજબી રીતે પકડયા બાબતનો બદલો મળવા સારૂ.	એજન. વિભાગ ૫ મો. બે વરસો.	પકડયાની તારીખ.
૩૦. માલ ખોયા બાબત અથવા તેને નુંકશાન કરયા બાબતનો બદલો મળવા સારૂ હુંડા ભાડા વાળા ઉપર.	બે વરસો.	માલ ખોવાય અથવા તેને નુકશાન લાગે ત્યારે.
૩૧. માલ આપવાને વાર લગાડી હોયતે બાબતના નુકશાનનો બદલો મળવા સારૂ હુંડી ભાડાવાળા ઉપર.	એજન.	માલ જ્યારે પોહોચાડવો જોઇતો હતો ત્યારે.
૩૨. વિશેષ કારણ સારૂ માલનો ઉપયોગ કરવાનો હક કોઇને હોય ને તે માલ બીજા કામમાં વાપરે તો તેની ઉપર.	એજન.	માલ બીજા કામમાં લગાડયાથી જે માણસનું નુકશાન થતું હોય તેને માલ બીજા કામમાં લગાડયાની વાત પેહેલવેહેલાં જણાય ત્યારે.
૩૩. કેટલીએક અપકૃતી બાબત એક્ઝિક્યુટર અથવા આડમિનિસ્ટરેટર અથવા રેપ્રેઝેનટેટિવ ફરીયાદ કરી શકે તથા તેઓની ઉપર ફરીયાદ થઇ શકે એવો બંદોબસ્ત કરવા બા-	એજન.	જે અપકૃતી બાબત ફરીયાદ હોય તે અપકૃતી કરવામાં આવે ત્યારે.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
બત સન ૧૮૫૫ નો ૧૨ મો આકટ છે તે આકટ પ્રમાણે એકિસકયુટરની ઉપર અથવા આડમિનિસ્ટરેટરની ઉપર અથવા રેપ્રેઝેનટેટીવની ઉપર.		
૩૪. બાયડી પાછી લેવા બાબત.	એજન.	કબજો માગવામાં આવે અને તે આપવાની ના કહે ત્યારે.
૩૫. લગ્નના હક પાછા મળવા બાબત.	એજન.	વર અથવા વહુ પૂખ્ત ઉમરના તથા અરલ હુશીયારીમાં હોય અને લગ્નના હક પાછા માગવામાં આવે અને તે આપવાને તે વર અથવા વહુ ના કહે ત્યારે.
૩૬. જે વાત કરારને લાગુ નહી હોય તથા જે વિશે આ આકટમાં ખસુસ કરીને ઠરાવ કરેલો નહી હોય તથા એવું કાંઇ ગેરકાયદાસર કાત્ય કરવા બાબતના અથવા કાંઇ કાયદાસર કાત્ય અયોગ્ય રીતે કરવા બાબતના અથવા જે કરવાની અવસ્ય હોય તે વરજ કરવા બાબતના બદલા બાબત.	એજન.	ગેર કાયદાસર કૃત્ય કરવાની અથવા કાયદાસર કૃત્ય અયોગ્ય રીતે કરવાની અથવા કરવાની જરૂર હોય તે વરજ કરવાની વાત બને ત્યારે.
	વિભાગ ૯ ઠો. ત્રણ વરસો.	
૩૭. મારગને અથવા પાણીના પાટને અટકાવ કરયા બાબતનાં નુકશાનનો બદલો મળવા સારૂ.	ત્રણ વરસો.	પ્રતીબંધની તારીખ.
૩૮. પાણીના પાટને બીજી તરફ વાળ્યા બાબતનાં નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન.	વાળ્યાની તારીખ.
૩૯. સ્થાવર મિલકત ઉપર અતિક્રમણ કરયા બાબતનાં નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન.	અતીક્રમણ કરવાની તારીખ—
	વિભાગ ૯ ઠો. ત્રણ વરસો.	
૪૦. કાપીરાઇનો [ગ્રંથ સ્વામિત્વનો હક અથવા કાંઇ અનન્યઆધિકાર તોડવા બાબતના નુકશાનનો બદલો મળવા સારૂ.	ત્રણ વરસો.	તોડયાની તારીખ.
૪૧. વ્યર્થ ખરચ કરવાનો પ્રતિબંધ કરવા બાબત.	એજન.	વ્યરથ ખરચ કરવાનો પ્રારંભ થાય ત્યારે.
૪૨. ગેરવ્યાજબી રીતે મળેલી તાકીદ ઉપરથી નુકશાન થયું હોય તે બાબતનો બદલો મળવા સારૂ.	એજન.	તાકીદથી બંધ થાય ત્યારે.
૪૩. જે માણુસને એકિસકયુટરે અથવી આડમીનીસ્ટરેટરે વસિયતનામામાં લખેલું દાન આપ્યું હોય અથવા માલ મીલકતની વેહે	એજન.	અવેજ આપવાની તથા વેહેચણી આપવાની તારીખ.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
ચણી આપી હોય તે માણસની પાસેથી તે અવેજ પાછો અપાવવા બાબત સન ૧૮૬૫ ના હીંદુસ્તાનના વારસા બાબતના આકટની ૩૨૦ મી અથવા ૩૨૧ મી કલમ પ્રમાણે કરવાની.		
૪૪. પોતાના પાલન કરનારાએ કરેલું વેચાણ રદ કરવા બાબત જે વારડ પૂખ્ત ઉમરમાં આવ્યો હોય તેણે કરવાની.	એજન.	વારડ જ્યારે પુખ્ત ઉમરમા આવે ત્યારે.
૪૫. બંગાળાના કાયદા પુસ્તક માંહેના હેઠળ લખેલા કાયદા પ્રમાણે કરેલા નિવાડા બાબત તકરાર કરવા સારુ. સન ૧૮૨૨ નો કાયદો ૭ મો. તથા સન ૧૮૨૫ નો કાયદો ૯ મો. તથા સન ૧૮૩૩ નો કાયદો ૯ મો,	એજન.	તે કામના આખરના નીવાડાની અથવા હુકમની તારીખ.
૪૬. સદરહુ પ્રકારના નિવાડામાં લખેલી કાંઇ માલમીલકત પાછી લેવાની જે પક્ષકારને તે નિવાડા ઉપરથી જરુર હોય તેણે કરવાની.	એજન.	તે કામના આખર નીવાડાની અથવા હુકમની તારીખ.
૪૭. ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૪૦ મા બાબ પ્રમાણે અથવા મુંબઇના મામલતદારોની કોરટોના આકટ પ્રમાણે મીલકતના કબજા બાબત કરેલા હુકમ પ્રમાણે ચલાવવાની જે માણસને જરુર હોય તે માણસે અથવા સદરહુ પ્રકારના માણસના સંબંધથી જે કોઇ દાવો કરતો હોય તેણે તે હુકમમાં લખેલી મીલકત પાછી લેવા બાબતની.	એજન.	કામના આખરના હુકમની તારીખ ૯ મુ. હા. રી. ૩૩૪ ૧૦ મુ- હા. રી. ૪૭૯ જુઓ.
૪૮. જે વિશેષ જંગમમાલ ખોવાયો હશે અથવા ચોરીથી મેળવ્યો હશે અથવા જેનો બદદાનતથી ખોટો ઉપયોગ કરયો હશે અથવા તેનું રૂપાંતર કરયું હશે તે વીશેષ જંગમ માલ સારુ અથવા તે માલ ગેરવ્યાજબી રીતે લેવા બાબતના અથવા અટકાવી રાખવા બાબતના નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન.	તે માલના કબજા બાબત જે માણસને હક હશે તેને તે કોહોના કબજામાંછે એ જ્યારે પ્રથમ સમજાય ત્યારે.
૪૯. બીજા વીશેશ જંગમ માલ સારૂ અથવા ગેરવ્યાજબી રીતે તે લીધા બાબતનો અથવા તેને નુકશાન કરયા બાબતનો અથવા તે ગેરવ્યાજબી રીતે અટકાવી રાખવા બાબતનો બદલો મળવા સારૂ.	એજન.	તે માલ ઘેરવ્યાજબી રીતે તે લેવામાં આવે અથવા તેને નુકશાન કરવામાં આવે ત્યારેઅથવા અટકાવીરાખનારનો કબજો જ્યારે ગેરકાયદાસર થાય ત્યારે
૫૦ જનાવરનાં અથવા વાહનનાં અથવા હોડીના અથવા ઘરગતી સામાનના ભાડાંબાબત.	એજન.	ભાડું આપવાનું થાય ત્યારે
૫૧. માલ આપવો હોય તેને પેટે અગાઉ પર નાણું આપ્યું હોય તેનીબાકી બાબત.	એજન.	માલ આપવો જોઇએ ત્યારે

ફરીઆદનો પ્રકાર-	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૫૨. વેચેલા તથા સ્વાધીન કરેલા માલની કીંમત બાબત જ્યારે તેનું નાણું આપવાની મુદત ઠરાવી નહી હોય ત્યારે.	એજન.	માલ આપ્યાની તારીખ.
૫૩. વેચેલા તથા સ્વાધીન કરેલા માલનું નાણું ઠરાવેલી મુદત પુરી થયા પછી આપવાનું હોય તે વેચેલા તથા સ્વાધીન કરેલા માલની કીંમત બાબત.	એજન.	નાણું આપવાની મુદત જ્યારે પૂરી થાય ત્યારે.
૫૪. વેચેલા તથા સ્વાધીન કરેલા માલનું નાણું * બીલ આફ એકસચેંજથી આપવાનું હોય ને તે પ્રમાણે બીલઆફ એકસચેંજ આપ્યું નહી હોય, તે વેચેલા તથા સ્વાધીન કરેલા માલની કીંમત બાબત.	એજન.	આપવાના ચોજેલા બીલની મૂદત પુરી થાય ત્યારે.
૫૫. વાદીએ પ્રતીવાદીને વેચેલાં ઝાડની અથવા ઉછરતા પાકની કીંમત બાબત નાણું ક્યારે આપવું તેની મુદત ઠરાવેલી નહી હોય ત્યારે.	એજન.	વેચાણની તારીખ.
૫૬. પ્રતીવાદીના કેહેવા ઉપરથી વાદીએ કરેલાં કામની કીંમત બાબત તેનું નાણું આપવાની મુદત ઠરાવેલી નહી હોય ત્યારે.	એજન.	કામ કરવામાં આવે ત્યારે ૬ મ. હા. રી. ૨૬૫.
૫૭. નાણું ધીર્યું હોય તે બાબતનાણું લેવાનું હોય તે બાબત.	એજન.	નાણું ધીરવામાં આવ્યું ત્યારે.
૫૮. નાણું ધીરનારે નાણા બાબત *ચેક આપ્યો હોય ત્યારે તેવીજ ફરીયાદ.	એજન.	ચેકનું નાણું આપવામાં આવ્યું ત્યારે.
૫૯. નાણું માગે ત્યારે આપવાનું થશે એવી કબુલાયતથી નાણું ધીર્યું હોય તે બાબત.	એજન.	નાણું ધીરવામાં આવ્યું ત્યારે.
૬૦. નાણું માગે ત્યારે આપવાનું થશે એવી કબુલાયતથી નાણું મુકયું હોય તે બાબત.	એજન.	ઉગરાની કરી હોય ત્યારે ૨૪ વી. રી. ૪૨ જુઓ.
૬૧. પ્રતીવાદીની વતી રૂપિઆ ભર્યા હોય તે બાબત વાદીને રૂપીઆ મળવાના હોય તે રૂપીઆ બાબત.	એજન.	નાણું આપ્યું ત્યારે.
૬૨ વાદીના ઉપભોગ સારૂ પ્રતીવાદીને પોહોચેલાં નાણા બાબત પ્રતીવાદીની પાસેથી વાદીને નાણું મળવાનું હોય તે નાણા	એજન.	નાણું પોહોચ્યું હોય ત્યારે ઈ. લા. રી. કલકત્તા ૩૫૩

* બીલઆફ એકસચેંજ એટલે જે હુંડીની બે અથવા ત્રણ નકલો મળીને એકસેટ થાય છે તે હુંડી.

* ચેક એટલે અવેજ આપવા બાબત બ્યાંક વગેરે તેની ઉપર શાહાજોગ છાપેલી ચીઠી ભરી આપે છે તે.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
બાબત.		
૬૩. પ્રતીવાદીની પાસે વાદીનું નાણું લેહેણું હોય તેના વ્યાજના રૂપીઆ મળવાના હોય તે બાબત.	એજન.	વ્યાજ આપવાનું થાય ત્યારે.
૬૪. વાદી પ્રતીવાદીની વચે નકી થયલા હીસાબ ઉપરથી પ્રતીવાદીની પાસે વાદીના રૂપીઆ લેણા નીકળ્યા હોય તે બાબત વાદીને રૂપીઆ મળવાના હોય તે બાબત.	એજન.	પ્રતીવાદીએ અથવા આ બાબત યોગ્ય રીતે અધીકાર આપેલા તેના મુખત્યારે સહી કરેલા લેખ ઉપરથી હીસાબ નકી થાય ત્યારે, પણ કરજ આગળ ફલાણી વખતે વાળવું એવી તેજ વખતે લખેલી કબુલાયત થઇને તેની ઉપર સદરહુ પ્રમાણે સહી થઇ હોય તો તે વખત આવે ત્યારે.
૬૫. નીરદીષ્ટ કરેલી વખતે અથવાની રદીષ્ટ કરેલી અનીશ્રીત વાત બન્યા પછી કોઇ વાત કરવાનો કરાર હોય તે તોડયા બાબતના નુકશાનના બદલા સારૂ,	એજન.	નીરદીષ્ટ કરેલી વખત આવે ત્યારે અથવા તે અનીશ્ચિત વાત બને ત્યારે.
૬૬. જે † સીંગલ બાંડમાં નાણું આપવા બાબત દીવસ નીરદીષ્ટ કરયો હોય તે સીંગલ બાંડમાં સદરહુ પ્રકારનો દીવસ નીરદીષ્ટ કરયો નહીં હોય તે સીંગલ બાંડ ઉપરથી.	એજન.	નીરદીષ્ટ કરેલો દીવસ.
૬૭. જે શીંગલબાંડમાં સદરહુ પ્રકારનો દીવસ નીરદીષ્ટ કરયો નહી હોય, તે શીંગલ બાંડ ઉપરથી.	એજન.	બાંડકરી આપ્યાની તારીખ.
૬૮. જે બાંડમાં શરત હોય તે બાંડ ઉપરથી.	એજન.	શરત તોડવામાં આવે ત્યારે.
૬૯. જે બીલ આફ એકસચેંજનો અથવા વાયદાનીઠીનો અવેજ તેની તારીખ પછીની નીશ્ચિત વખતે આપવાનો હોય તે બીલ આફ એકસચેંજ ઉપરથી અથવા વાયદાચીઠી ઉપરથી.	એજન.	બીલની અથવા ચીઠીની મુદત ભરાય ત્યારે.
૭૦. જે બીલ આફ એકસચેંજનો અવેજ ઠરાવેલી વખતે આપવાનો નહીં હોય પણ તે દેખાડયું એટલે અથવા દેખાડયા પછી ફલાણી વખતે આપવાનો હોય તે બીલ આફ એકસચેંજ ઉપરથી.	એજન.	તે બીલઆફ એકસચેંજ દેખાડવામાં આવે ત્યારે.
૭૧. ફલાણી વીશેષ જગાએ અવેજ આ	એજન.	તે જગાએ તે બીલ દેખાડ

† સિંગલબાંડ એટલે જે બાંડમાં ગુનહિગારી આપ્યાનું ઠરાવ્યું નહી હોય તે.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૬ ઠો. ત્રણ વરસો.	
પવાને શીકારેલાં બીલ આપ એકસચેંજ ઉપરથી.	એજન.	વામાં આવે ત્યારે.
૭૨. દેખાડયા પછી અથવા અવેજ માગ્યા પછી અવેજ નીશ્ચીત વખતે આપવો એવાં બીલ આફ એકસચેંજ ઉપરથી અથવા વાયદાચીઠી ઉપરથી.	એજન.	નીશ્ચીત વખત પૂરી થાય ત્યારે.
૭૩. માગે એટલે અવેજ આપવો એવાં બીલઆફ એકસચેંજ અથવા વાયદાચીઠી હોય તથા જે લેખથી ફરીયાદ કરવાના હકને પ્રતીબંધ અથવા વીલંબ થાય તેવો લેખ તે બીલ આફ એકસચેંજની સાથે અથવા વાયદાચીઠીનીસાથે નહી હોય તેવાં બીલઆફ એકસચેંજ ઉપરથી અથવા વાયદાચીઠી ઉપરથી.	એજન.	બીલની અથવા ચીઠીની તારીખ.
૭૪. હફતે હપતે જેનો અવેજ આપવો હોય એવી વાયદાચીઠી ઉપરથી અથવા બાંડ ઉપરથી.	એજન.	અવેજ આપવાનીપેહેલી મુદત પુરી થાય ત્યારે જે ભાગ તે વખતે આપવો હોય તે ભાગ બાબત અને બાકીના ભાગો બાબત તે આપવાની મુદત પુરી થાય ત્યારે.
૭૫. હફતે હફતે જેનો અવેજ આપવો હોય તેવી વાયદાચીઠીમાં અથવા બાંડમાં એક હફતો પડેતો બધા રૂપીઆ આપવા એવો ઠરાવ હોય તેવી વાયદાચીઠી ઉપરથી અથવા બાંડ ઉપરથી.	એજન.	અવેજ આપવાને પેહેલવેહેલાં ચુકે ત્યારે, પણ જેને રૂપીઆ આપવાના હોય અથવાતે ચીઠી અથવા બાંડ જેને લખી આપ્યું હોય તે તે ઠરાવવાનોફાયદો મૂકી દેત્યારે અને અવેજ આપવાની જ્યારે ફરીથી ચુક કરવામાં આવે તથા તે બાબત સદરહુ પ્રમાણે ફાયદો મુકી દીધો નહોય ત્યારે ૧૧ મુ. હા. રી. ૧૫૭ જુઓ. ઈ. લા. રી. ૧ મુંબાઈ ૧૨૫.
૭૬. ફલાણી વાત બન્યા પછી વાયદાચીઠી જેને અવેજ આપવાનો હોય તેને સ્વાધીન કરવા સારૂ તે વાયદાચીઠી લખી આપનારે તે ચીઠી ત્રીજા માણસને આપી હોય તે વાયદાચીઠી ઉપરથી.	એજન.	જેને નાણું આપવનું હોય તેને સ્વાધિન કરયાની તારીખ.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૬ ઠો ત્રણ વરસો.	
૭૭. * ફારેનબીલ ન કર્યાને લીધે *પ્રોટેસ્ટ કરીને નોટીશ આપી હોય તે ન કરેલાં ફારેન બીલ ઉપરથી.	એજન.	નોટીશ આપવામાં આવે ત્યારે.
૭૮. નહી શીકારીને જે બીલઆફ એકસચેંજ ન કર્યું હોય તે બીલ જેણે લખ્યું હોય તેની ઉપર જેને અવેજ મળવાનો હોય તેણે કરવાની.	એજન.	શીકારવાની ના કહ્યાની તારીખ.
૭૯. આકોમોડેશન બીલ શીકારનારાએતે લખનારની ઉપર કરવાની.	એજન.	શીકારનાર તે બીલની રકમ આપે ત્યારે.
૮૦. જે બીલઆફ એકસચેંજ બાબત અથવા વાયદાચીઠી બાબત અથવા બાંડ અથવા બાંડ બાબત આ આકટમાં ખસુસ ઠરાવ કરેલા નહી હોય તે બીલઆફ એકસચેંજ ઉપરથી અથવા વાયદાચીઠી ઉપરથી અથવા બાંડ ઉપરથી ફરીયાદ.	એજન.	બીલ આફ એકસચેંજનો અથવા વાયદા ચીઠી થવા બાંડનો અવેજ આપવાનો થાય ત્યારે.
૮૧. જામીને મુખ્ય દેણદાર ઉપર કરવાની.	એજન.	જામીન લેણદારને અવેજ આપે ત્યારે.
૮૨. એક જામીને સામાઈક જામીન ઉપર કરવાની.	એજન.	જામીન પોતાના હીસ્સા કરતાં વધારે અવેજ આપે ત્યારે.
૮૩. માથાનું જોખમ ઉતારવા બીજા કાંઈ કરાર ઉપરથી.	એજન.	વાદીને વાસ્તવીક જોખમ લાગે ત્યારે.
૮૪. અટરનિએ અથવા વકીલે ફરીયાદના અથવા વિશેષ કામના પોતાના બાબત કરવાની; તે ખરચ ક્યારે આપવો એ બાબત ખસુસ કરીને કબુલાયત નહોય ત્યારે.	એજન.	તે ફરીયાદ અથવા કામ પુરૂ થયાની તારીખ અથવા આટરની અથવા વકીલ ફરીયાદ અથવા કામ ચલાવવાનું યોગ્ય રીતે બંધ કરે ત્યારે કામ ચલાવવાનું સદરહુ પ્રમાણે બંધ કરવાની તારીખ.
૮૫. માંહોમાંહે ઉઘાડા તથા ચાલુ ખાતાં ઉપરથી બાકી દેવી હોય તે બાબતની ફરીયાદ, જ્યારે પક્ષકારોની દરમિયાન માંહોમાંહે ઉપરાણી કરી હોય ત્યારે.	એજન.	કબુલ કરેલી અથવા સાબેત કરેલી છેલ્લી રકમ જે વરસમાં ખાતામાં દાખલ કરેલી હશે તે વરસની આખર સદ

* ફારેન બીલઆફ એકસચેંજ એટલે હીંદુસ્થાન માંહેના અંગ્રેજ સરકારના મુલક બાહાર હુંડી લખી હોય તેનો અવેજ હીંદુસ્થાન માંહેના અંગ્રેજ સરકારના મુલકમાં અથવા મૂલક બાહાર મળવાનો હોય તે હુંડી; અથવા હીંદુસ્થાન માંહેના અંગ્રેજ સરકારના મુલકમાં હુંડી લખી હોય તેનો અવેજ તે મુલક બાહાર મળવાનો હોય તે હુંડી.

* પ્રોટેસ્ટ એટલે હુંડી સીકારવાની અથવા હુંડીના નાણા ભરવાની ના કહે ત્યારે તે બાબત નોટરી પબ્લિક આ નામનો અમલદાર પોતાની સહી મોહોર સાથે દાખલો આપે છે તે દાખલો.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૬ હો. ત્રણ વરસો.	રહુ વરસ ખાતામાં હોય તે પ્રમાણે ગણવું.
૮૬. જે રકમનો વીમો ઉતરાવ્યો હોય તે રકમ મરણનો અથવા નુકશાન થયાનો પુરાવો વીમાવાળાને આપ્યા પછી અથવા પોહોચ્યા પછી તાબડતોબ આપવી પડતી હશે ત્યારે વીમાનાં ખત ઉપરથી.	એજન.	મરણનો અથવા નુકશાનનો પુરાવો વાદીએ અથવા બીજા કોઈ માણસની પાસેથી વીમાવાળાને આપ્યો હોય અથવા પોહોચ્યો હોય ત્યારે.
૮૭. વીમાવાળાની મરજીમાં આવે ત્યારે વીમાનું ખત રદ કરી શકે તેવાં ખત ઉપથી સલામતીનો અવેજ વીમો ઉતરાવનારાએ પાછો લેવા સારૂ કરવાની.	એજન.	વીમાવાળો વીમાનું ખત રદ કરે ત્યારે.
૮૮. હીસાબ લેવા સારૂ આડતીઆ ઉપર.	એજન.	આડત ચાલુ હોય તે વખતે હીસાબ માગ્યો હોય ને તે આપવાની ના કહેવામાં આવે ત્યારે અથવા સદરહુ પ્રમાણે માગ્યો નહોય તો આડત બંધ થાય ત્યારે.
૮૯. પોતાના મુખત્યારને જંગમમાલ પોહોચ્યો હોય અને તેનો તેણે હીસાબ આપ્યો નહી હોય તે જંગમમાલ બાબત તેની ઉપર મુખ્યે કરવાની.	એજન.	એજન.
૯૦. ગફલત બાબત અથવા ગેરચાલ બાબત મુખ્યે મુખત્યાર ઉપર કરવાની બીજી ફરીયાદ.	એજન.	ગફલતની અથવા ગેરચાલની વાદીને ખબર પડે ત્યારે.
૯૧. જે દસ્તાવેજ બાબત બીજી રીતનો ઠરાવ કરેલો નહી હોય તે ચેહેરવા બાબત અથવા રદ બાબત.	એજન.	દસ્તાવેજ ચેહેરવાનો અથવા રદ કરવાનો અધિકાર જે વાત ઉપરથી વાદીને પ્રાપ્ત થાય છે તે વાતની તેને ખબર પડે ત્યારે.
૯૨. જે દસ્તાવેજ આપ્યો અથવા નોંધાવ્યો તે દસ્તાવેજ ખોટો બનાવટનો છે એવું સાબીત થવા સારૂ.	એજન.	આપ્યાની અથવા નોંધાવ્યાની વાદીને ખબર પડે ત્યારે.
૯૩. જે દસ્તાવેજ વાદી વીરૂદ્ધ અમલમાં લાવવાની કોશીશ કરવામાં આવી તે દસ્તાવેજ ખોટો બનાવટનોછે એવું સાબીત થવા સારૂ.	એજન.	કોશીશની તારીખ.
૯૪. વાદી દીવાનો હોય ત્યારે જે માલ મીલકત તેણે બીજાને કરી આપી હતી તે માલ મીલકત બાબત.	એજન.	વાદી દીવાનો હતો તે ઠેકાણે આવ્યા પછી તેને માલ મીલકત બીજાને કરી આપ્યાની ખબર પડે ત્યારે.
૯૫. કપટથી મેળવેલું હુકમનામું રદ કર	એજન.	જે માણસનું નુકશાન થ-

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૬ ઠો. ત્રણ વરસો.	
વા બાબત અથવા કપટના સબબથી બીજો ન્યાય મળવા સારૂ.		યું હોય તેને તે કપટ માલમ પડે ત્યારે.
૯૬. ચુકના સબબથી ન્યાય મળવા સારૂ	એજન.	ચુક વાદીને માલમ પડે ત્યારે.
૯૭. જે વીઘમાન બદલવા સારૂ નાણું આપ્યું હોય તે બદલો આગળ જતાં ડુબ્યો હોય તો તે નાણાં બાબત.	એજન.	બદલો ડુબ્યાની તારીખ.
૯૮. ત્રસ્ટ તોડવાથી થયલું નુકશાન મરનાર ત્રસ્ટીના કુલ એકંદર સ્ટેટમાંથી ભરી લેવા બાબત.	એજન.	ટ્રસ્ટીના મરણની તારીખ અથવા નુકશાન તે વખતે થયું ન હોય તો નુકશાન થયાની તારીખ.
૯૯. સામાઈક (ભઝીયારા) હુકમનામા ઉપરથી જે રકમ દેણી હોય તે સઘળી એક પક્ષકારે આપી હોય ત્યારે તે પક્ષકારે, અથવા પોતે અથવા પોતાના સામાઈકભાગીયાએ જે મેહેસુલ આપવાનું હોય તેની સઘળી રકમ સામાઈક ઈસ્ટેટમાંથી એક ભાગીયાએ આપી હોય ત્યારે તે ભાગીયાએ ફાળો વસુલ કરવા બાબત.	એજન.	વાદીએ ખુદ પોતાના હીસ્સાના કરતાં વધારે નાણું ભર્યાની તારીખ.
૧૦૦. મરનાર ટરસ્ટીના ઈસ્ટેટ ઉપર ફાળાનો દાવો અમલમાં લાવવા બાબત સામાઈક ટરસ્ટીએ કરવાની.	એજન.	ફાળો મળવાનો હક પ્રાપ્ત થાય ત્યારે.
૧૦૧. દરીઆવર્દી લોકોના પગાર બાબત.	એજન.	જે સફર બદલ પગાર મળવાનો થયો હોય તે સફરની આખર.
૧૦૨. જે પગાર બાબત આ પરિશિષ્ટમાં ખસુસ બીજી રીતનો ઠરાવ કરેલો નહીં હોય તે પગાર બાબત.	એજન.	તે પગાર જ્યારે દેવાનો થાય ત્યારે.
૧૦૩. મુઅજજલ બાબત એટલે માંગી લેવાય તેવી મેહેર બાબત મુસલમાને કરવાની.		મેહેર માગી હોય અને આપવાની ના કેહેવામાં આવે ત્યારે અથવા લગ્ન સંબંધ ચાલું હોય તેવામાં સદરહુ પ્રકારની માગણી કરી નહી હોય તો મરણના અથવા તલાકના સબબથી લગ્ન સબંધ તુટે ત્યારે ર. મુ. હા. રી. ૩૦૯ જુઓ.
૧૦૪. મુઅજજલ બાબત એટલે કેટલીએક મુદત પછી આપવાની મેહેર બાબત મુસલમાને કરવાની.	એજન.	મરણથી અથવા તલ્લાકથી લગ્ન સંબંધ તુટે ત્યારે ૬ વી રી. ૧૯ જુઓ.

ફરીયાદનો પ્રકાર-	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૬ ઠો. ત્રણ વરસો.	
૧૦૫. ગીરવી રાખનારને (મળવાની રકમના કરતાં) વધારે ઉપજ પોહોંચી હોયતે. ગીરવીનું નાણું વળ્યા પછી પાછી લેવા બાબત ગીરવી મુકનારે કરવાની.	એજન.	ગીરવી મુકેલી મિલકતનો કબજો ગીરવી મુકનાર પાછો લે ત્યારે-
૧૦૬ બંધ થયલાં પંતિયાળાના નફાના હિશાબ બાબત તથા હિસ્સા બાબત કરવાની	એજન.	બંધ થયાની તારીખ.
૧૦૭ અવિભકત કુટુંબના સામાઇક ઈસ્ટેટના વહીવટદારે તે ઇસ્ટેટ ખાતે નાણું આપ્યું હોય તેનો ફાળો લેવા સારૂ તે વહીવટદારે કરવાની.	એજન.	નાણું આપ્યાની તારીખ
૧૦૮ પટે રાખનારે પટાની શરત વિરૂદ્ધ ઝાડો કાપ્યાં હોય તેની કીમત બાબત પટો આપનારાએ કરવાની.	એજન.	ઝાડ કાપ્યા હોય ત્યારે.
૧૦૯ વાદીની સ્થાવર મિલકતની ઉપજ પ્રતિવાદીએ અન્યાયથી લીધી હોય તે ઉપજ બાબત.	એજન.	ઉપજ લેવામાં આવે ત્યરે અથવા વાદીનો કબજો હુકમનામા ઉપરથી તુટયો હોય તે તે હુકમનામું અપીલમાં પછી રદ થયું હોયતો તેને કબજો પાછો મળે ત્યારે (૨૧ વિ. રિ. ૧૩૦ જુઓ.
૧૧૦ ભાડાની ચડેલી બાકી બાબત.	એજન.	ચડેલી બાકી દેવી થાય ત્યારે.
૧૧૧ સ્થાવર મીલકતની ખરીદીનું નાણું દેવું રહ્યું હોય તે બાબત પોતાનું કબુલયત અમલમાં લાવવા સારૂ સ્થાવર મીલકત વેચનારે કરવાની.	એજન.	વેચાણ પુરૂં કરવા સારૂ ઠરાવેલો વખત અથવા (વેચાણ) પુરૂ કરવા સારૂ ઠરાવેલા વખત પછી (તે મીલકત ઉપરનો) હક કબુલ કરયો તો તેકબુલાયતની તારીખ.
૧૧૨ કોઇ સ્ટાટયુટ પ્રમાણે અથવા આકટ પ્રમાણે નોંધેલી કંપનીની "કાલ" બાબત.	એજન.	"કાલ" આપવાનો થાય ત્યારે.
૧૧૩. કરાર વિશેષ રીતે પૂરો કરવા બાબત	એજન.	તે પુરો કરવાની ઠરેલી તારીખ અથવા સદરહુ પ્રકારની તારીખ ઠરાવેલી નહી હોય તો પુરો કરવાની ના કહીછે એવું વાદીને સમજાય ત્યારે ઈ. લા. રી. કલકત્તા. ૩૨૩.
૧૧૪. કરાર રદ કરવા સારૂ.	એજન.	કરાર રદ કરવાનો હક વાદીને જે વાત ઉપરથી પ્રાપ્ત થતો હોય તે વાત તેને પ્રથ

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૬ ઠો. ત્રણ વરસો.	મ માલમ પડે ત્યારે.
૧૧૫. જે સ્પષ્ટ અથવા ગર્ભીત અરથનો કરાર લખેલો તથા નોંધેલો નહી હોય તે કરાર તોડવા બાબત નુંકશાનના બદલાસારૂ.	એજન.	કરાર તોડવામાં આવે ત્યારે અથવા તે વારેઘડીએ તોડ્યો હોય તો તોડવાના જે કૃત્ય બાબત ફરીયાદ હોય તે કૃત્ય થાય ત્યારે હમેશાં ચાલુ હોય તો તેબંધ થાય ત્યારે.
	વિભાગ ૭ મો. ૭ વરસો.	
૧૧૬- લખેલો કરાર નોંધેલો હોયતે તોડવા બાબતના નુંકશાનના બદલા સારૂ.	૭ વરસો.	તેવોજ કરાર નોંધેલો નહી હોય તે કરાર ઉપરથી કરવાની ફરીયાદીની મુદત ચાલું થાય ત્યારે.
૧૧૭. પરરાજના ફેંસલાની વાખ્યા હિંવાની ઈન્સાફનું કામ ચલાવૂવાની રીત બાબતના કાયદામાં કરી હોય તેવા ફેંસલાનીઉપરથી.	એજન.	ફેંસલાની તારીખ.
૧૧૮. દત્તવિધાન થયાનું કેહેતા હોય તેવ્યવહારોપયોગી નથી અથવા ખરેખર તે કદી થયુંજ નથી એવું સાપીત કરી લેવા સારૂ.	એજન.	દત્તવીધાન થયાનું કહેછે તેની વાદીને ખબર પડે ત્યારે.
૧૧૯. દત્તવિધાન વ્યેવહારોપયોગી છે. એવું સાપીત કરી લેવા સારૂ.	એજન.	દત્તક છોકરાને દત્તકપણાં સબબથી જે હક હશે તે હકને હરકત થાય ત્યારે.
૧૨૦. જે ફરીયાદ કરવાની મુદત આ પરીસીષ્ટનાં બીજે કોઇ ઠેકાણે ઠરાવા નહી હોય તે ફરીયાદ.	એજન.	ફરીયાદ કરવાનો હક પ્રાપ્ત થાય ત્યારે.
	વિભાગ આઠમો. બાર વરસો.	
૧૨૧. સરકારી મેહેસુલની ચઢેલી બાકી બાબત વેચેલાં સઘળાં ઈસ્ટેટ ઉપરના અથવા ભાડાની ચઢેલી બાકી બાબત વેચાયલા પટણી તાલુક ઉપરનાં અથવા વેચવા જોગ બીજાસત્તા પ્રકાર ઉપરનાં કરજો અથવા પેટા સત્તા પ્રકાર દૂર કરવા સારૂ કરવાની.	બાર વરસો.	વેચાણ આખરનું તથા નિશ્ચય કારક થાય ત્યારે.
૧૨૨. બ્રિટિશ ઈંડિયામાં કરાવી લીધેલી ફેંસલા ઉપરથી અથવા મુચલકા ઉપરથીકરવાના	એજન.	ફેંસલાની અથવા મુચલકાની તારીખ.
૧૨૩. વસિયતનામુ કરનારા વસિયતનામુ કરીને આપેલા દાન બાબત અથવા શોધનના હિસ્સા બાબત અથવાવસિયતનામું કરયા વગર કોઇ મરણ પામ્યુ હોય તેની માલમિલકતની વેહેચણના હિસ્સા બાબત.	એજન.	મૃતલેખારપિતદાર અથવા હીસ્શો આપવાનો અથવા સ્વાધીન કરવાનો થાય ત્યારે ઈં. લો. રી. ૨ કલકત્તા ૪૫.

ફરીયાદીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૮ મો.	
	બાર વરસો,	
૧૨૪. વંશપરંપરાના હુદ્દાના કબજાસારૂ.	બાર વરસો.	વાદીને વીરોધ પુર્વક હુદ્દાનો કબજો પ્રતીવાદી લે ત્યારે. ખુલાસો—વંશપરંપરાના હુદ્દાની ઉપજ માલુમ પ્રમાણેમળે ત્યારે અથવા ઉપજ નહી હોયતો તે હુદ્દાના કર્તવ્ય કરમો માલુમ પ્રમાણે કરવામાં આવે ત્યારે તે હુદ્દાનો કબજો છે એમ થાયછે.
૧૨૫. કોઇ હીંદુ અથવા મુસલમાન સ્ત્રિ ફરીયાદ કરવાની તારીખે મરણ પામે તો જમીનનો કબજો મળવાને હક જે હીંદુને અથવા મુસલમાનને પ્રાપ્ત થાય તે હીંદુએ અથલા મુસલમાને તે સ્ત્રિ જીવતી હોયતો હેઠળ લખેલાં કારણ સારુ કરવાની ફરીયાદ એટલે તે સ્ત્રિએ તે જમીન બીજાને કરી આપી હોયતો તે કરી આપવાનું તે જીવતી છે ત્યાં સુધી અથવા તે પાછી લગ્ન કરે ત્યાં સુધી કાયમ રહે અને ત્યાર પછી રદછે એવું સાપિત થવા સારૂ કરવાની ફરિયાદ.	એજન.	બીજાને કરી આપ્યાની તારીખ.
૧૨૬. વડીલોપારજીત મીલકત બાપે બીજાને કરી આપી હોય તે કરી આપવાનું રદ કરવા મીતાક્ષરાના નીયમ જે હીંદુને લાગુ હોય તે હીંદુએ કરવાની.	એજન.	મીલકત જેને કરી આપી હશે તે તેનો કબજો લે ત્યારે.
૧૨૭. અવિભક્ત કુટુંબની મીલકતમાંથી જે માણસને બાતલ કર્યુ હશે તે માણસે તે મીલકતમાંના હીસાનો હક અમલમાં લાવવા સારૂ કરવાની.	એજન.	બાતલ કર્યાની વાત વાદીને માલમ પડે ત્યારે.
૧૨૮. અન્નવસ્ત્રની ચડેલી બાકી બાબત હીંદુએ કરવાની.	એજન.	ચડેલી બાકી આપવાની થાય ત્યારે.
૧૨૯. અન્નવસ્ત્ર બાબતનો પોતાનો હક સાપિત થવા સારૂ હીંદુએ કરવાની.	એજન.	હક નથી એવું કેહેવામાં આવે ત્યારે.
૧૩૦. વસુલ મારીની જમીન પાછી લેવા સારૂ અથવા તેની ઉપર આકાર બેસાડવા સારૂ	એજન.	જમીન પાછી લેવાનો અથવા આકાર બેશાડવાનો હક પ્રથમ પ્રાપ્ત થાય ત્યારે.
૧૩૧. મુદતે ને મુદતે જે હક પાછો મળવાનો હોય તે સાબેત કરવા બાબતની.	એજન.	તે હકનો ઉપભોગ કરવાની વાદીને પ્રથમ ના કેહેવામાંઆવે ત્યારે.
૧૩૨. જે નાણાનો ચારજ સ્થાવર મીલક	એજન.	જે નાણાં બાબત ફરીયાદ

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
ત ઉપર હશે તે નાણું આપવા બાબતની. ખુલાસો—જે નીમણુંકને અને ફીને માલીકીના અને હક કહેછે નીમણુંક અને ફી આ રકમના કારણ સારૂ સ્થાવર મીલકત ઉપરચારજ હોય તેવું નાણું એમ સમજવું.	વિભાગ ૮ મો. બાર વરસો.	હોય તે નાણું આપવાનું થાય ત્યારે.
૧૩૩. જે જંગમ માલ ટરસ્ટમાં લેખ કરીને આપ્યો હોય અથવા વસીયતનામું કરીને આપ્યો હોય અથવા અનામત મુકયો હોય ગીરવી મુકયો હોય તથા જે તે ટરસ્ટીની પાસેથી અથવા જેને ત્યાં અનામત મુકયો હોય તેની પાસે અથવા જેને ત્યાં ગીરવી મુંકયો હોય તેની પાસેથી આગળ જતાં કીંમતદાર બદલો આપીને વેચાતો લીધો હોય તે પાછો લેવા સારૂ	એજન.	ખરીદીના તારીખ.
૧૩૪. જે સ્થાવરમિલકત ટરસ્ટમાં લેખ કરીને આપી હોય અથવા વસીયતનામુ કરીને આપી હોય અથવા ગીરવી આપી હોય તથા જે તે ટરસ્ટીની પાસેથી અથવા જેને ત્યાંહાં ગીરવી મુકી હોય તેની પાસેથી આગળ જતાં કીંમતદાર બદલો આપીને ખરીદ કરી હોય તેનો કબજો પાછો મળવા સારૂ.	એજન	એજન. ઇ. લો. રી. ૧ મુંબાઇ ૨૬૯.
૧૩૫. ગીરવી મુકેલી સ્થાવર મીલકતનો કબજો લેવા સારૂ ગીરવી રાખનારે બાદશાહી સનંદ ઉપરથી સ્થાપેલી નહીં હોય તેવી કોરટમાં કરવાની ફરીયાદ.	એજન.	કબજા બાબતનો ગીરવી મુકનારનો હક જ્યારે પુરો થાય ત્યારે રી. ૨૪ વી. ૨૪ ૪૩૩.
૧૩૬. સ્થાવર મીલકત ઘરમેળે વેચી તે તારીખે તે મીલકતનો કબજો વેચનાર પાસે નહીં હોય ત્યારે જેણે ઘરમેળે વેચાતી લીધી હોય તેણે તે મીલકતના કબજા સારૂ કરવાની.	એજન.	વેચનારને કબજો લેવાનો હક જ્યારે પેહેલવેહેલા પ્રાપ્ત થાય ત્યારે.
૧૩૭. હુકમનામું બજાવવા સારૂ કરેલાં વેચાણની તારીખે હુકમનામાંના દેણદારનો કબજો નહીં હોય ત્યારે તે વેચાણમાંથી ખરીદ કરનારે તે કરવાની તેવીજ ફરીયાદ.	એજન.	હુકમનામામાંના દેણદારને કબજા બાબત જ્યારે પેહેલવેહેલા હક પ્રાપ્ત થાય ત્યારે.
૧૩૮. હુકમનામુ બજાવવા સારૂ કરેલાં વેચાણની તારીખે હુકમનામાંના દેણદારનો કબજો હોય ત્યારે ખરીદ કરેલી જમીનના કબજા સારૂ, તે વેચાણમાં જેણે તે જમીન ખરીદ કરી હોય તેણે કરવાની.	એજન.	વેચાણની તારીખ.
૧૩૯. ખેડુત પાસેથી કબજો પાછો લેવા	એજન.	ઉપભોગ કરવાનો અધીકાર.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	વિભાગ ૮ મો. બાર વરસો.	
સારૂ જમીનદારે કરવાની.		પુરો થાય ત્યારે.
૧૪૦ સ્થાવર મીલકતનો કબજો લેવા સારૂ જે રીમેંડરમ્યાન (એક જણનો હક પુરો થયા પછી જે બીજા માણસને હક પ્રાપ્ત થતો હોય તે માણસ) અથવા રીવરશનર [જેને હક આપ્યો હોય તેનો હક પુરો થયા પછી તે પાછો મળવાનો જેને હક હોય તે માણસ] જમીનદાર નહી હોય તેણે અથવા ડીવ્હેએસી [વસિયતનામા ઉપરથી જેને માલમીલકત કરી આપી હોય તે માણસે) કરવાની.	એજન.	જ્યારે તેનું ઈસ્ટેટ કબજામાં આવે ત્યારે.
૧૪૧. કોઈ હીંદુ અથવા મુસલમાન સ્ત્રી મરણ પામી હોય ત્યારે સ્થાવર મીલકતના કબજા બાબત જે હીંદુને અથવા મુસલમાનને હક હોય તેણે કરવાની તેવીજ ફરીયાદ.	એજન.	તે સ્ત્રી મરણ પામે ત્યારે.
૧૪૨. સ્થાવરમીલકતનો કબજો વાદીનીપાસે હોય તેવામાં તેની પાસેથી કબજો લઇ લીધો હોય અથવા તેણે છોડયો હોય તે મીલકતના કબજા સારૂ કરવાની.	એજન.	તે કબજો લઈ લેવાની અથવા છોડી દેવાની તારીખ.
૧૪૩. હક ડુબ્યાના સબબની અથવા શરત તોડયાના સબબથી વાદીને હક પ્રાપ્ત થયો હોય ત્યારે તેવીજ ફરીયાદ.	એજન.	હક ડુબવામાં આવે અથવા શરત તોડવામાં આવે ત્યારે.
૧૪૪. સ્થાવરમીલકત બાબત અથવા તે ઉપરનાં કંઇ હક સંબંધ બાબત આ પરીશીષ્ટમાં બીજી રીતે ખસુસ ઠરાવ કરેલો નહી હોય તે સ્થાવરમીલકતનો અથવા તે ઉપરના તે હક સંબંધનો કબજો લેવા સારૂ.	એજન.	વાદીને વીરોધ પુરવક પ્રતીવાદીનો કબજો થાય ત્યારે.
	વિભાગ ૯ મો ત્રીસ વરસો.	
૧૪૫. જંગમ માલ અનામત મુકયો હોય અથવા ગીરવી મુકયો હોય તેપાછો લેવાબાબત, તે અનામત રાખનાર ઉપર અથવા ગીરવી રાખનાર ઉપર કરવાની.	એજન.	અનામત મુકવાની અથવા ગીરવી રાખવાની તારીખ.
૧૪૬. ગીરવી મુકેલી સ્થાવરમીલકતનો કબજો ગીરવી મુકનારની પાશેથી લેવા સારૂ ગીરવી રાખનારાએ બાદશાહી સનંદ ઉપરથી સ્થાપેલી કોરટ અસલ મુકરદમા લેવાની પોતાની માલુંમ દીવાની હકુમત ચલાવતી હોય તારે તે કોરટમા કરવાની.	એજન.	ગીરવી મીલકત ઉપર કાહાડેલા કરજ બાબત મુદ્દલને પેટે અથવા બ્યાજને પેટે પૈલવેહેલું જે કોઇ ભરવામાં આવ્યું ત્યારે.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તેવખત.
	વિભાગ ૧૦ મો. સાઠ વરસ.	
૧૪૭. ગીરવી મુકનારનો ગીરો છોડાવવાનો હક રદ કરવા સારૂ અથવા વેચાણ સારૂ	એજન.	ગીરો ઉપરથી નકી કરેલું નાણું જ્યારે આપવાનું થાય ત્યારે.
૧૪૮. ગીરવી મુકેલી સ્થાવરમીલકતનો કબજો છોડાવવા સારૂ અથવા પાછો લેવા સારૂ ગીરવી રાખનાર ઉપર કરવાની.	એજન.	કબજો છોડાવવાનો અથવા પાછો લેવાનો હક પ્રાપ્ત થાય ત્યારે. પણ એવું ઠરાવ્યું છે કે બ્રિટીશબરમાં માંહેની સ્થાવર મીલકતનો ગીરવીનો લેખ સન ૧૮૬૩ ના મે મહીનાની પેહેલ તારીખની અગાઉ થયો હોય તે લેખ ઉપરથી સ્થાવર મીલકત છોડાવવાના દાવા ઉત્પન્ન થયા હોય તે સઘળા દાવાની તે તારીખ પેહેલાં તે પ્રાંતમાં મુદત બાબતની જે કાનુનો અમલમાં હશે તે કાનુનો લાગુ થશે.
૧૪૯. ઈંડીયાના સેક્રટેરી આફ સ્ટેટ ઈન કાઊનશીલે અથવાએઓની તરફથી કરવાની કોઈ ફરીયાદ.	એજન.	ખાનગી માણસે કરવાની તેવીજ ફરીયાદી બાબત આ આક્ટ ઉપરથી મુદત ચાલૂ થાય ત્યારે.

બીજો ભાગ--અપીલો.

ફરીયાદનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૧૫૦. સેસન જડજે કરેલી મોતની શિક્ષાના ઠરાવ ઉપર ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની.	સાત દીવસ.	શીક્ષાના ઠરાવની તારીખ.
૧૫૧. કલકત્તા તથા મદ્રાસ તથા મુંબાઈની ઈનસાફની હાઈકોરટો પહેકી હર કોઈ કોરટે અસલ ફરીયાદ લેવાની પોતાની હકૂમત ચલાવીને કરેલા હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર કરવાની.	વીસ દીવસ.	હુકમનામાની અથવા હુકમની તારીખ.
૧૫૨. દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે ડીસ્ત્રીકટ જડજને કરવાની.	ત્રીસ દીવસ.	જે હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે હુકમનામાની અથવા હુકમ

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૧૫૩. હાઇકોરટને તેજ કાયદાની ૬૦૧ લી કલમ પ્રમાણે કરવાની.	ત્રીસ દીવસ.	ની તારીખ. સરટીફીકેટ આપવાની ના કહ્યાના હુકમની તારીખ.
૧૫૪. હાઈકોરટ શીવાય બીજી કોઈ કોરટને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે કરવાની.	એજન.	શીક્ષાની જે ઠરાવ ઉપર અથવા જે હુકમ ઉપર અપીલ હોય તે ઠરાવની અથવા હુકમની તારીખ.
૧૫૫. જે પ્રસંગે બાબત ૧૫૦ મા નંબરમાં તથા ૧૫૭ માં નંબરમાં ઠરાવ કર્યો છે તે પ્રસંગ શીવાય બીજે પ્રસંગે. તેજ કાયદા પ્રમાણે હાઈકોરટને કરવાની.	સાઠ દીવસ.	શીક્ષાની જે ઠરાવ ઉપર અથવા જે હુકમ ઉપર અપીલ હોય તે ઠરાવની અથવા હુકમની તારીખ ઇ. લો. રી. ૨ કલકત્તા ૪૩૬.
૧૫૬. જે પ્રસંગ બાબત ૧૫૧ મા નંબરમાં તથા ૧૫૩ માં નંબરમાં ઠરાવ કરયો છે તે પ્રસંગ શીવાય બીજે પ્રસંગે. દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે હાઇકોરટને કરવાની.	નેવું દીવસ	જે હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે હુકમનામાની અથવા હુકમની તારીખ.
૧૫૭. બીન તકશીર છે એવા ઠરાવના ફેસલા ઉપર ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની.	છ મહીના.	જે ફેંસલા ઉપર અપીલ હોય તે ફેંસલાની તારીખ.

તીજો ભાગ અરજીઓ.

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૧૫૮. પંચનો નીવાડો રદ કરવા બાબત દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની.	દસ દીવસ.	પંચનો નીવાડો કોરટમાં ગુજારવામાં આવે ત્યારે.
૧૫૯. દીવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૩૯ મા બાબ• પ્રમાણે દાવામાં હાજર થઇને જવાબ કરવાની પરવાનગી મળવા સારૂં કરવાની.	એજન.	સમન બજાવવામાં આવે ત્યારે.
૧૬૦. ફરી તપાસની નામંજુર કરેલી અરજી ફરીથી ફૈલ ઉપર લેવા સારૂ તેજ કાયદાની ૬૨૯ મી કલમ પ્રમાણે હુકમ થવા સારૂ.	પંદર દીવસ.	તપાસ બાબતની અરજીના મંજુર કરવામાં આવે ત્યારે.
૧૬૧. ભરણું અથવા તોડજોડ થયા બદલ હુકમનામાવાળાની પાસે જાહેર કરાવવા બાબતનો હુકમ તેજ કાયદાની ૨૫૮ મી કલમ પ્રમાણે થવા સારૂ.	એજન.	ભરણું અથવા તોડજોડ કરવામાં આવે ત્યારે.

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
૧૬૨. કલકત્તા તથા મદ્રાસ તથા મુંબાઇની કોરટ પૈકી હરકોઇ કોરટે અવલ ફરીયાદી લેવાની પોતાની હકુમત ચલાવીને ફેસલાની ફરી તપાસ કરવા સારૂ.	વીસ દીવસ.	હુકમનામાની અથવા હુકમની તારીખ.
૧૬૩ કસુરને લીધે (ફરીયાદ વીગેરે કાહાડી નાખી હોય તે કાહાડી નાખ્યાનો હુકમ રદ કરવા સારૂ હુકમ થવા બાબત વાદીએ કરવાની	ત્રીસ દીવસ.	કાહાડી નાખ્યાની તારીખ.
૧૬૪. એક તરફી થયલો ફેસલો રદ કરવાનો હુકમ થવા સારૂ પ્રતીવાદીએ કરવાની.	ત્રીસ દીવસ.	ફેસલો અમલમાં લાવવા સારૂ કોઇ પ્રોસેસ બજાવવાની તારીખ ૪/ લો. રી. ૨ કલકત્તા ૨૮૧
૧૬૫. સ્થાવર મીલકતનો કબજો જે માણસની પાસેથી લઇ લીધો હોય અને જે હુકમનામાવાળાના અથવા હુકમનામુ બજાવવા સારૂ કરેલાં વેચાણ માંહેના ખરીદદારને કબજો મળવાના હક્ક બાબત તકરાર જે માણસ કરતો હોય તે માણસે દીવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની	એજન.	કબ જો લઇ લીધાની તારીખ.
૧૬૬. હુકમનામું બજાવવાસારૂ વેચાણ કીધું તે જાહેર કરવામાં અથવા તેનું કામ ચલાવવામાં ગેર શીરસ્તપણું થયું છે એ સબબથી તે વેચાણ રદ કરવા બાબત.	એજન.	વેચાણની તારીખ.
૧૬૭. જે સ્થાવર મીલકત બાબત હુકમનામું થયું હોય અથવા જે હુકમનામું બજાવવાસારૂ વેચી હશે તેનો કબજો આપવાને હરકત અથવા અટકાવ કરયા બાબત અથવા હુકમનામાવાળાનો અથવા ખરીદદારનો સદરહુ પ્રકારનો મિલકતનો કબજો સ્વાધિન કરતા હોય તેવામાં તે પાછો લઇ લીધા બાબત.	એજન.	હરકત અથવા અકટાવ કરવાની અથવા કબજો લઇ લેવાની તારીખ.
૧૬૮. આગળ કામ ચલાવવામાં આવ્યું નહી હોય તેથી અપીલ કહાડી નાંખી હોય તે પાછી લેવા બાબત.	એજન.	કહાડી નાખ્યાની તારીખ.
૧૬૯. રેસ્પાંડંટની ધેરહાજરીમાં અપીલની એક તરફી ચોકસી કરી હોય તેની ફરી ચોકસી થવા સારૂ.	એજન.	જે હુકમનામા ઉપર અપીલ હશે તે હુકમનામાની તારીખ.
૧૭૦ નાદારીમાં અપીલ કરવાની પરવાનગી સારૂ.	એજન.	જે હુકમનામા ઉપર અપીલ કરવાની હોય તે હુકમનામાની તારીખ.
૧૭૧. મૈઇયત વાદીનો કાયદાસર વારસવ કીલછે એવું કેહેનારાં માણસ દીવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૬૩ મી અથવા ૩૬૫ મી કલમ પ્રમાણે કરવાની.	સાઠ દીવસ.	વાદીના મરણની તારીખ.

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
મી અથવા ૧૯૫મી કલમ પ્રમાણે કરવાની.		
૧૭૨. હુકમનામુ બજાવવાસારૂ કરેલાં વેચાણમાંહેના ખરીદદારે તે વચાણુ હેઠળ લખેલ. સબબો ઉપરથી રદ કરવા બાબત કરવાની એટલે માલમિલકતમાંનો જે માણસનો હક સબંધ નથી એ સબબથી જે વેચાણ રદ કરવા બાબત કરવાની.	સાઠ દીવસ.	વેચાણની તારી.
૧૭૩. જે પ્રસંગ બાબત ૧૬૨મા નંબરમાં ઠરાવકરયો છે તે પ્રસંગશીવાય બીજે પ્રસંગે ફેંસલાની ફરી તપાસ સારૂ.	નેવું દીવસ.	હુકમનામાની અથવા હુકમની તારીખ.
૧૭૪. ફેંસલામાંના નાદાર દેવાદારના લેણદારે, દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૫૩ મી કલમ પ્રમાણે કરવાની.	એજન.	શેડયુલ પ્રશિદ્ધ થયાની તારીખ.
૧૭૫. હુકમનામાની રકમ હપતે હફતે આપવા બાબત.	છ મહીના.	હુકમનામાની તારીખ.
૧૭૬. પંચનો નીવાડો કોરટમાં ફાઈલ કરવો એવું દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાને ૫૧૬ મી અથવા ૫૨૫ મી કલમ પ્રમાણે કરવાની.	એજન	પંચના નીવાડાની તારીખ.
૧૭૭. મલીકા માઆઝમા ઈન કૌંસીલને કરેલી અપીલ લેવા બાબત.	એજન.	જે હુકમનામા ઉપર અપીલ હોય તે હુકમનામાનીતારીખ
૧૭૮. જે અરજીઓ બાબત આ પરીશીષ્ટમાં બીજે કાંઈ પણ ઠેકાણે અથવા દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૨૩૦ મી કલમમાં મુદત ઠરાવેલી નહીં હોય તે અરજીઓ.	ત્રણ વરશો.	અરજી કરવાનો હક પ્રાપ્ત થાય ત્યારે
૧૭૯. કોઈપણ દીવાની કોરટનું હુકમનામું અથવા હુકમ જે બાબત ૧૮૦મા નંબરમાં ઠરાવ કરેલો નથી અથવા દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતની કાયદાની ૨૩૦ મી કલમમાં ઠરાવકરેલો નથી તે હુકમનામું અથવા હુકમ બજાવવા સારૂ.	એજન અથવા હુકમનામાની અથવા હુકમની સહીની નકલ નોંધી હોય ત્યારે છ વરશો.	૧ હુકમનામાની અથવા હુકમની તારીખ અથવા. ૨ અપીલ થઈ હોયત્યારે અપીલ કોરટના આખરનાહુકમનામાની અથવા હુકમની તારીખ, અથવા ઈ. લા. રી. ૨ કલકત્તા ૩૩૯. ૨૪ વી. રી. ૩૩૯. ૩ (ફેંસલાની ફરી તપાસ થઈ હોયતો] ફરી તપાસ થયા પછી ફેંસલો થયો હોયતો તેની તારીખ અથવા. ૪ (આ પરીશીષ્ટમાં આગળ કહેલી અરજી કરી હોય

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	ત્રીજો ભાગ અરજીઓ.	તો (હુકમનામું અથવા હુકમ બજાવવા સારૂ અથવા બજાવવામાં મદદ થવા માટે કાંઇ તજવીજ કરવા સારૂ કાયદા પ્રમાણે યોગ્ય કોરટને અરજી કર્યાની તા. અથવા ૫ (આ પરીશીષ્ટમાં આગળ કહેલી નોટીસ કરી હોય તો) દીવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૨૪૮ મી કલમ પ્રમાણે નોટીસ કર્યાની તારીખ, અથવા ૬ હુકમનામું અથવા હુકમની રદીષ્ટ કરેલી તારીખે અવેજ આપવાનું ફરમાવે તે અપાવવા બાબતની અરજી હોય ત્યારે સદરહુ પ્રમાણે નીરદીષ્ટ કરેલી તારીખ. ખુલાશો ૧.—એકથી વધારે માણુશોની તરફેણમાં હુકમ અથવા હુકમ પૃથક થયો હોય તથા દરએકને દાવાના વીષયનો ભાગ આપવાનો અથવા સ્વાધીન કરવાનો હોય તેની તેમાં તપશીલ લખી હોય ત્યારે આ કલમની ૪ થી રકમમાં કહેલી અરજી સદરહુ માણુશો પઇકી અથવા તેઓના વારસ વકીલો પઇકી જેઓએ તે કરી હોય તેઓ બાબત માત્ર અમલમાં આવશે પણ હુકમનામું અથવા હુકમ એકના કરતાં વધારે માણુશોની તરફેણમાં જ્યારે સમાઇ થયો હોય ત્યારે તેઓ પઇકી એકે અથવા અધીકે અથવા તેના અથવા તેઓના વારસ વકીલોએ સદરહુ પ્રકારની અરજી કરી હોય તો તે સઘળાઓની બાબત અમલમાં આવશે.

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	ત્રીજો ભાગ—અરજીઓ.	એકથી વધારે માણસોની વીરૂધ હુકમનામું અથવા હુકમ પૃથક થયો હોય તથા દરએક જણે દાવાના વીષયનો હીસ્સો આપવાનો અથવા સ્વાધીન કરવાનો હોય તેની તેમાં તપશીલ લખી હોય ત્યારે તે અરજી સદરહુ માણસો પઇકી અથવા તેઓના વારસ વકીલ પઇકી જેઓની વીરૂદ્ધ હોય તેઓની વીરૂદ્ધ માત્ર અમલમાં આવશે પણ હુકમનામું અથવા હુકમ એકથી વધારે માણસોની વીરૂદ્ધ સામાઈક થયો ત્યારે તેઓ પઇકી એકની અથવા અધીકની અથવા તેના અથવા તેઓના વારસ વકીલોની વીરૂદ્ધ અરજી કરી હોયતો તે સઘળાઓની વીરૂધ અમલમાં આવશે. ખુલાસો ૨—"યોગ્ય કોરટ" આ શબ્દોનો અર્થ હુકમનામું અ અથવા હુકમ બજાવવો એ જે કોરટનું કર્તવ્ય કર્મ પછી તે દીવાની ઈનસાફનું કામચલાવવાની રીત બાબતના કાયદાની ૨૨૬ મી અથવા ૨૨૭ મી પ્રમાણે હોય કે બીજી રીતનો હોય તે કોરટ એવો સમજવો.
૧૮૦. બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી કોઈ કોરટે અસલ ફરીયાદ લેવાની પોતાની મામુલ દીવાની હકુમત ચલાવીને કરેલો કાંઈ ફેસલો અથવા હુકમનામું અથવા હુકમ અથવા માલીકા મુઆઝમા ઇન્કાંઉસીલનો હુકમ અમલમાં લાવવા બાબત કરવાની.	બાર વરસો.	ફેસલો અથવા હુકમનામું અથવા હુકમ અમલમાં આણવાનો હાલનો હક જે માણસથી છોડી દેવાતો હોય તે માણસને તે હક પ્રાપ્ત થાય ત્યારે. પણ એવું ઠરાવ્યું છે કે ફેસલો અથવા હુકમનામું અથવા હુકમ જ્યારે પાછો શંસ્થીત કરયો હોય અથવા તે ઉપરથી નક્કી કરેલું મુદલ નાણું અથવા તેનું વ્યાજ આપવાને તે પાત્ર હોય તેવાં માણ

અરજીનો પ્રકાર.	મુદત.	જે વખતથી મુદત ચાલુ થાય છે તે વખત.
	ત્રીજો ભાગ=અરજીઓ	સે અથવા તેના મુખત્યારે તે મુદલ નાણાંના કાંઈ અંશ અથવા તે નાણાંનું કાંઈ વ્યાજ લેણવાળા માણસને અથવા તેના મુખત્યારે આપ્યું હોય અથવા તે બાબતના હકના અંગીકરણનો લેખ સહી કરીને આપ્યો હોય ત્યારે બાર વરસ પ્રસંગ પ્રમાણે સદરહુ પ્રમાણે સંગ્રથન કર્યાની અથવા તે અંગીકરણના લેખની તારીખથી ગણવાં અથવા છેક છેલીવાર સંગ્રથન કર્યાની અથવા નાણું આપ્યાની અથવા અંગીકરણના લેખની તારીખથી ગણવા

(True Translation.)

VENAYAK WASSOODEW,

Oriental Translator to Government.